# સોરઠ વિશાશ્રીમાળી

SORATH VISASHRIMALI - RNI NO.: 22805/73

Vol. No. : 51 ❖ Issue : 03 ❖ Pages : 36 ❖ Mumbai ❖ April 2023 ❖ Price : Rs.8/-

## મેઘધનુષ સાંસ્કૃતિક પ્રોગ્રામના ઓડિશનના યાદગાર સંભારણા.....











## એપ્રિલ માસના મુખપત્રના "સૌજન્ય દાતા"

# શ્રી કાંતિલાલ નંદલાલ વોરા

શ્રી કાંતિલાલભાઈનો જન્મ ૧૯૨૯ના ઓગસ્ટ માસમાં ધોરાજી મુકામે થયેલ. હાઈસ્કૂલનો અભ્યાસ પૂર્ણ કરી ૧૯૪૪માં કલકત્તા આવ્યા. વ્યવસાયિક જીંદગીની અરૂઆતમાં નોકરી કરી પોતાની આવડત, મહેનત અને નિતીથી આયાત ના વ્યવસાયમાં ખૂબ જ સફળતાને પામ્યા. ૧૯૭૭માં મુંબઈમાં ઓફીસ શરૂ કરી. મુંબઈ ખાતે બંને સુપુત્રો શ્રી મહેશભાઈ તેમજ શ્રી પંકજભાઈએ અથાગ મહેનત દ્વારા વ્યવસાયમાં ખૂબજ ઉંચા શિખરો સર કર્યા.

શ્રી કાંતિભાઈ કે જેમના હૃદયમાં પ્રભુ મહાવીરની અહિંસા, કરૂણા અને જીવદયા કણેકણમાં વણાયેલી છે. તેઓએ પ.પૂ.મહાસતીજી પ્રિતીસુધા મ.સા. અને શ્રમણી વૃંદની પ્રેરણાથી કામાણી જૈનભવન (કલકત્તા)માં જીવદયા માટે માતબર રકમનું દાન કરેલ છે. જે સમગ્ર જૈન સમાજમાં એક ઐતિહાસક યાદગાર પ્રસંગ બની ગયેલ છે. ઉપરાંત ઉવસગ્ગહરં પાર્શ્વનાથાય તીર્થ, ભોજનશાળા, આરોગ્યધામ, લાયન તારાચંદબાપા હોસ્પિટલ, જૈન ક્લિનીક મલાડ, ઘોઘારી જૈન દવાખાનું વગેરે અનેક સંસ્થાઓમાં અવિરત યોગદાન આપતા રહ્યા છે. આ ઉપરાંત સાધર્મિક પ્રત્યેની સહાનુભૂતિ તથા સદાય તેમને સહાયરૂપ થવાની તેમની ઉમદા ભાવના છે. જીવનમાં લક્ષ્મી ઉપાર્જન કરવી અને તેનો સદુપયોગ કરવો એ પુણ્યાનુબંધી પુણ્ય હોય તો જ શક્ય બને. આવા આ પરિવારે શ્રી નંદલાલ ઝવેરચંદ વોરા મેમોરિયલ ટ્રસ્ટ બનાવ્યું છે.

શ્રી કાંતિભાઈએ કલકત્તા સમાજમાં પ્રમુખ તરીકેની સેવા આપેલ છે તથા શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ મુંબઈમાં પ્રમુખ તરીકે સેવા આપેલ છે. જીવનમાં એક મંત્ર છે અને ભાવના છે કે સમાજ પ્રગતિ કરે અને સમાજનો હરેક સભ્ય જીવનમાં સુખી બને, દરેક સભ્યના દુ:ખે દુ:ખી થનાર શ્રી કાંતિભાઈ નિ:સ્વાર્થ ભાવે સેવા કરે છે છતાં ગર્વ નહીં. તેઓ કલકત્તા, મુંબઈ તેમજ ભારતભરમાં દાનવીર તરીકે ખૂબ જ માન પામ્યા છે.

શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજે (કલકત્તા) તેમને જૈન સમાજરત્નનો ઈલ્કાબ આપેલ છે. તેમજ વિરદાનેશ્વરીનું બિરૂદ આપેલ છે.

સમાજના કોઈ પણ કાર્ય માટે નવી યોજના દ્વારા ભંડોળ ઉભું કરે છે. આ માટે દાતાઓ તેમજ કમિટીના સભ્યોનો સાથ હતો તે વાતનો તેઓને આનંદ અને ગર્વ છે. તેઓના પુત્ર શ્રી મહેશભાઈ અને શ્રી પંકજભાઈ રામ-લક્ષ્મણની જોડી સમાન છે.

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ

**શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા કાર્યાલય,**
૪, દેવકરણ મેન્શન, બિલ્ડિંગ નં.૭, બીજે માળે,
૨૪, વિઠ્ઠલદાસ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨.
ફોન : ૦૨૨ - ૨૨૦૬૯૧૭૨
સમય : બપોરે ૧ થી સાંજે ૬ (1.00 pm to 6.00 pm)
Email : svjainsamajmumbai2@gmail.com
data@svjainsamaj.com www.svjainsamaj.com
**તંત્રી : શ્રી રાજેન્દ્ર ઓત્તમચંદ પુનાતર - મો.: ૭૦૨૧૨૦૧૨૮૦**



### સમાજની કારોબારી સમિતિ

શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતા ........................................ પ્રમુખ
શ્રી મહેશભાઈ મથુરાદાસ સાવડીયા ........................... ત.ભૂ. પ્રમુખ
શ્રી ધીરેનભાઈ દેવચંદ વસા ........................................ ઉપપ્રમુખ
શ્રી આશિષભાઈ વિનોદરાય મહેતા .............................. માનદ્‌મંત્રી
શ્રી પરિમલભાઈ મનસુખલાલ ભીમાણી ........................ માનદ્‌મંત્રી
શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરા ................................. ખજાનચી
શ્રી રાજેન્દ્રભાઈ ઓત્તમચંદ પુનાતર ......................... મુખપત્ર તંત્રી
શ્રી મહેશભાઈ કાંતિલાલ વોરા ........................................... સભ્ય
શ્રી કિશોરભાઈ લાલચંદ રામાણી ....................................... સભ્ય
શ્રી જયંતભાઈ ચુનીલાલ દોશી ........................................... સભ્ય
શ્રી સંજયભાઈ ધનસુખલાલ મહેતા ..................................... સભ્ય
શ્રી કીર્તિભાઈ રસિકલાલ વસા ........................................... સભ્ય
શ્રી કમલભાઈ કાંતિલાલ દોશી ........................................... સભ્ય
શ્રી અતુલભાઈ ધનજીભાઈ વસા ......................................... સભ્ય
શ્રી જયેશભાઈ શરદચંદ્ર વસા ........................................... સભ્ય
શ્રી શૈલેષભાઈ વ્રજલાલ વોરા ........................................... સભ્ય
શ્રી જયેશભાઈ ચુનીલાલ વસા ........................................ કો-ઓપ્ટ
શ્રી પ્રવિણચંદ્ર ચીમનલાલ વોરા ...................................... કો-ઓપ્ટ



BANK DETAILS :
**Name : SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ**
**BANKER :** Bank of Baroda, M. J. Market, Mumbai - 3
S.B. A/c No. 03870100000044
**IFSC :** BARB0BULLIO MICR : 40012047

**Name : SORATH VISA SHRIMALI JAIN SAMAJ TRUST**
**BANKER :** Union Bank of India
Princess Street, Mumbai - 400002.
S.B. A/c. No. 319102010054364
**IFSC :** UBIN0531910

કાનૂની કાર્યક્ષેત્ર મુંબઈનું રહેશે
Auditor : Viren Vasa & Associates
Chartered Accountants, Mumbai

લવાજમ દરો ભારતમા આજીવન : રૂા.૨૭૦૦/-
પરદેશમાં (ફક્ત વાર્ષિક) : USD 20 Yearly

મુદ્રણ અને પોસ્ટિંગ : લક્કી પ્રિંટિંગ પ્રેસ,
૪૦, મહેતા ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, લિબર્ટી ગાર્ડન ક્રોસ રોડ નં.૩,
માલાડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૪.


## આટલું તો આવડવું જ જોઈએ

જીવન જીવતા આવડવું જોઈએ...
સંબંધો સીવતા આવડવું જોઈએ...

અમૃત નહિ મળે રોજ બરોજ...
ઝેર પીતા પણ આવડવું જોઈએ...

વાત વાતમાં રૂઠવું સારૂં નહિ...
સહન કરતા પણ આવડવું જોઈએ...

અક્કડ ઝાડ પહેલું તૂટી જાય...
થોડું નમતા પણ આવડવું જોઈએ...

બધું કઈ પચી નહિ શકે...
થોડું વહેંચતા પણ આવડવું જોઈએ...

બેઠાડું જિંદગી શ્રાપ છે...
થોડું નાચતા પણ આવડવું જોઈએ...

ચોપડીઓ અચૂક વાંચો...
ચેહરા વાંચતા પણ આવડવું જોઈએ...

અબોલા ક્યારેય નહિં લેતા...
મન મોટું રાખતા પણ આવડવું જોઈએ...

સોગિયું મોઢું કોને ગમે...
ખડખડાટ હસતા પણ આવડવું જોઈએ...

સંઘરાખોરી દુષણ છે...
દાન આપતા પણ આવડવું જોઈએ...

ખોટા વખાણ કરવા ચાપલુસી છે...
અરીસો બનતા પણ આવડવું જોઈએ... ! !


## ઝંખના

**- ફાલ્ગુની સંજય મહેતા - સોરઠ (વંથલી)**

તમને પામવા ઝંખે છે મારૂ મન
આ તે કેવી ઝંખના
રાત-દિવસ કરે છે તારૂ સ્મરણ
આ તે કેવી ઝંખના
શું જીવન એટલે જ તીવ્ર ઝંખના
આ તે કેવી ઝંખના
જો તો અપનાવી હવે તમે પણ અપનાવો
આ તે કેવી ઝંખના
કેવી અજબ ગજબની છે આ ઝંખના
આ તે કેવી ઝંખના

## તંત્રી સ્થાનેથી....

- રાજેન્દ્ર ઓતમચંદ પુનાતર - ૭૦૨૧૨૦૧૨૮૦



આશક્તિ માણસને સ્વધર્મનું આચરણ કરતા અટકાવે છે. સંસારનો ખેલ અમ્પાયર બનીને સાક્ષી ભાવે જોયા કરે તે સુખી. સંસારના રસ્તા પર અનેક વાહનોની અવરજવર થતી હોય છે. બધા જ ટ્રાફિકના નિયમોનું પાલન કરતા હોતા નથી અને બધાને ટ્રાફિકના નિયમો આપણે શીખડાવી પણ શકતા નથી. આ તબક્કે ટ્રાફિકને તેની તે જ સ્થિતિમાં જોયા કરવો તે જ હિતાવહ છે.

બધા જ દુ:ખોનું કારણ મન છે. મનના ઉધામાઓ ચાલતા જ રહે છે. તેને વશમાં કરવાની શક્તિ આપણે એકઠી કરી શકતા નથી અને મનના ઉદવેગો શાંત પડતા નથી. મનની ઈચ્છાઓ આત્મભાવમાં વિલીન ન થઈ જાય ત્યાં સુધી કશું વળતું નથી. મનની આ રમતના મુખ્ય સૂત્રધારો - સુખ દુ:ખ, રાગ, ભય અને ક્રોધ છે. સવારથી રાત સુધી મનના આઘાત પ્રત્યાઘાત સતત ચાલતા જ રહેવાના છે.

આપણી અનુકૂળતા પ્રમાણે મળે તે સુખ - ગમતું મળે તે સુખ. જે ગમે છે તેને માટે તૃષ્ણા, મોહ, રાગ, આશક્તિ જન્મે. જે ન ગમતું મળે તેને માટે ક્રોધ, નફરત, અભાવ અને તિરસ્કાર પેદા થાય. સમય અને સંજોગ પ્રમાણે તેમાં ફેરફારો થયા કરતા હોય છે. ગઈકાલે જે નહોતું ગમતું તે આજે ગમવા માંડે અને ગઈકાલે જે ગમતું હતું તેને માટે આજે અભાવો કે નફરત પેદા થઈ શકે આમ મનનું આ યુદ્ધ ચાલતું જ રહે છે. મન આપણને અશ્વની જેમ દોડાવ્યા જ કરે. જ્યાં સુધી આપણને એ સમજ ન આવે કે અસવાર હું છું અને મારે મારી અનુકૂળતા પ્રમાણે અશ્વને ચલાવવાનો છે. જે ઘડીએ આપણે અશ્વને કાબુમાં કરી લઈએ તે ઘડી તે શુભ ઘડી - ત્યારથી શુભ શરૂઆત થાય. શ્રી ભગવતગીતામાં કહ્યું છે કે વળગણ ન છોડીએ ત્યાં સુધી સુખ નથી. ઈન્દ્રિયોને કાબુમાં રાખવાની છે. આપણે ઈન્દ્રિયોના ગુલામ બની જશું તો શું થશે? જૈન ધર્મ કહે છે કે દરેક બાબતમાં સંયમ રાખવો એ સૌથી મોટો ધર્મ બની શકે છે. જૈનધર્મનો પાયાનો સિદ્ધાન્ત જ અનાશક્તિ છે.

લોભ, ક્રોધ, મોહ, માયા વિગેરેને આપણા જીવનથી દૂર રાખવાનું કહેવામાં આવ્યું છે. અને ઓછામાં ઓછી જરૂરિયાતો રાખીને જીવન વ્યતીત કરવાનું કહેવામાં આવ્યું છે. આત્મભાવ સ્થિર કરીએ તો જ ઈન્દ્રિયોના અને મનનાં ઉધામાંઓ શાંત થાય. પછી સંયમ સહજ બની જાય. સંયમનો ભાર ન લાગે અને મન શાંત બની પ્રસન્ન ચિત્ત બની જાય. ભગવદ્ ગીતામાં કહ્યું છે કે જે પરિસ્થિતિ આવે તેને સહજતાથી સ્વીકારી લેવી. જેટલી સહજતાથી પરિસ્થિતિ પર આપણે કાબુ મેળવી લેશું એટલા સુખી થશું. દુ:ખ આવે ત્યારે દુ:ખી ન થવું અને સુખ આવે ત્યારે ફૂલીને ફાળકો ન થવું.

આ ઉપરાંત માનવ જીવનનો સૌથી મોટો દુશ્મન અહંકાર છે. અહંકાર માનવીના મૂળભૂત ગુણોને શૂન્ય બનાવી દે છે, ભાન ભુલાવી દે છે. અહંકારી વ્યક્તિ સારા નરસાનો ભેદભાવ ભૂલી જાય છે. હું જ સાચો અને હું જ જ્ઞાની તેવો ખ્યાલ જ્યારે મગજમાં આવી જાય છે ત્યારે તેના પતનની ઘડીની શરૂઆત થતી હોય છે. આપણા દરેકના મનમાં થોડા ઘણા અંશે અહંકાર છુપાઈને પડ્યો હોય છે. દરેકના અહંકાર અલગ અલગ પ્રકારના હોય છે. કોઈને ધનનો અહંકાર - કોઈને જ્ઞાનનો અહંકાર, તો કોઈને પોતાના રૂપનો અહંકાર હોય છે. આજના જમાનાની ભાષામાં જેને આપણે ઈગો કહીએ છીએ તેનું પ્રમાણ ભયજનક રીતે વધી રહ્યું છે.

ભગવાન શ્રી મહાવીર સ્વામીના અનુયાયી તરીકે આપણે આ બધા જ પ્રકારના અહંકારોથી મુક્ત બની અહંકાર શૂન્ય બનવાનું છે. અહંકાર મુક્ત બનીને જ આત્મભાવની વિશાળતાને પામી શકાય છે. જે પોતાના અહંકારને ત્યાગીને અહંકાર મુક્ત બની જાય છે તે જ વ્યક્તિ જ્ઞાનની સાચી દિશા પ્રાપ્ત કરીને પ્રસન્નતા મેળવી શકે છે. આગળ કહ્યું તે પ્રમાણે આશક્તિ બધી જ ઉપાધિનું મૂળ છે. આપણે જ્યારે કર્મ કરીએ છીએ ત્યારે ફળની આશા રાખીએ છીએ. કર્મ કરતા થાક કે બોજો નથી અનુભવાતો. જેટલો તેના ફળના વળગણનો લાગે છે. ફળની આશા છોડવાથી ફળ નાશ નથી પામતું પરંતુ આપણા મન પરનો બોજ હટી જાય છે.

આશક્તિમાંથી જ સ્વાર્થનો જન્મ થાય છે. અને સ્વાર્થ વ્યક્તિને અધર્મ તરફ ધકેલે છે. પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા માટે મનુષ્ય અનેક દુષ્કર્મો કરવા પ્રેરાય છે. સ્વાર્થ ન હોય તો કર્મ ફળની ચિંતા ન રહે, ફળ મળવાનો અભરખો છૂટી જાય અને પરમ સિધ્ધિ પ્રાપ્ત કરવાની કક્ષાએ પહોંચી શકાય. ફળની આશા વગર કર્મ કરતા રહીએ તેવું ઉપનિષદો કહે છે. આપણે પણ આપણા જીવનમાં શક્ય તેટલું આચરણ કરીએ તો દુ:ખથી દૂર રહી સુખમય જીવન વ્યતીત કરી શકીએ. ભક્ત કવિ નરસિંહ મહેતાની પંક્તિઓથી પૂર્ણવિરામ કરીએ.

**ભૂતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મલોક નહીં રે;**
**પુણ્ય કરી અમરાપુરી પામ્યા, અંતે ચોરાશી મહી રે.**

# ORACLE INTERNATIONAL

**(An ISO9001:2015 TUV CERTIFIED Company)**

**Manufacturer & Exporter of Brass Components**

**Contact Person :**
**Mr. Jay Shah (Director)**
**Mobile : +91 9624640055**



**Contact Person :**
**Mr. Dhaval Shah (Director)**
**Mobile : +91 99042 24204**

## Factory & Head Office :

Plot No.-10, Hari Om Industrial Estate
Behind Essar Petrol Pump, Near Kansumra Jamnagar - 361005,
Gujarat (India)Tel. No. (0288) 2568527 / 2568528.
**Email :** info@oracleint.com / sales@oracleint.com
**Website :** www.oracleint.com

Sister Concern :

## M/s. Everest Brass Industries


**Factory & Head Office :**

Works - Plot No.10,
Hari Om Industrial Estate
Behind Essar Petrol Pump,
Near Kansumra, Jamnagar - 361005, Gujarat
India M. : +91 9428860154 / 9328218008
**Email :** everestbrass@gmail.com

**Mumbai Office :**

Mr. Jayesh Vasa,
C-4, 1st Floor, Shreyas Apt.,
Ashok Road, Near Damodarwadi,
Kandivali (E), Mumbai - 400101.
Mobile : +91 9322266714
Email : jvasa05gmail.com

## પુણ્યતિથિએ ભાવપૂર્વક હાર્દિક શ્રધ્ધાંજલિ



છોડવડી (સોરઠ) નિવાસી

# સ્વ.શ્રી કાન્તીલાલ કપુરચંદ મહેતા

સ્વર્ગવાસ તા.૧૪-૦૨-૨૦૧૧

જીવનમાં સુવાસ, પ્રભુમાં વિશ્વાસ, આંખમાં અમી, દરિયા જેવું દિલ, મીઠી વાણી, સ્નેહની સરવાણી, સરળ અને મિલનસાર સ્વભાવ, વ્યવહારિક સુઝ અને બીજાને ઉપયોગી જીવવાની ભાવનાવાળા, સુખને છલકાવ્યું નહિ, દુ:ખને દેખાડ્યું નહિ, હસ્તો રાખી ચહેરો, કાયમની લીધી વિદાય અને મૃત્યુને કર્યુ અમર. પૈસો આપતાં બધુ ખરીદી શકાશે પણ પિતાનું વાત્સલ્ય અને પ્રેમ ખરીદી શકાતો નથી.

હે પરમ કૃપાળુ પરમાત્મા, સદ્ગત આત્માને શાશ્વત સુખ અને પરમ શાંતિ અર્પે એવી અમારા સહ પરિવારની પ્રાર્થના.

તમે આવ્યા અમારા જીવનમાં, ધુપછડી બની, સર્વત્ર મહેંકી યાદ તમારી આવતાં, આંખલડી છલકાય છે, જોઈ તસ્વીર તમારી, ઉઠ્યા આંસુ ઉભરાય છે.

## તમારો પ્રેમાળ પરિવાર

| | | |
|---|---|---|
| ધર્મપત્ની | : | મંજુલાબેન કાન્તીલાલ મહેતા |
| પુત્ર-પુત્રવધુ | : | માયા જીતેન્દ્ર મહેતા / હર્ષા ભરત મહેતા / દિપા પરાગ મહેતા |
| પુત્રી-જમાઈ | : | મીના હર્ષદરાય વારીયા / હર્ષા પ્રદીપકુમાર મહેતા / નયના કુમાર ઐયર |
| પૌત્ર-પૌત્રવધુ | : | ઉર્વી કેજલ મહેતા / નિકિતા પારસ મહેતા |
| પોત્ર | : | ઋષભ, વિરલ, વિશાલ, સૂરજ, વિજય, મયુર |
| પૌત્રી | : | હિરલ, દેવાંશી, હિલોની, કૃપા, રીટા, નેહા |
| પ્રપૌત્રી-પુત્ર | : | હસ્તી, હિયાંશ |

# ટીનેજરો આપઘાતને રસ્તે અને ત્રીજો પગ

❑ મધુભાઈ ભીમાણી

કોઈ એકાદ કિસ્સો હોય તો તેના નામ વ.નો ઉલ્લેખ કરીએ. પણ અહીં તો નાની વયના આપઘાતને પંથે પ્રયાણ કરી ચૂક્યા છે. બધા આ જાણે છે - ઓપન સીક્રેટ જેવું. તેના કારણો અલગ અલગ હોવાના. પરીક્ષામાં ઓછા માર્ક્સ અને મોબાઈલનો અપ્રચ્છન્ન જીન. એ બહુધા વિશેષ કારણરૂપ પહેલી નજરે ચઢે છે. મા-બાપની નાનકડી ટકોર ભી જીરવાતી નથી. થોડાં સમય પહેલા આ કિસ્સો સામે આવેલ. નાનકડી ચાલમાં એક પરિવાર રહે. ત્યાં માએ તેના દીકરાને વઢતાં કહ્યું. આખો દિવસ મોબાઈલ લઈને બેઠો રહે છે તે ભણશે કોણ? આ પરીક્ષા તો આવી ક્યારે વાંચીશ? આ સ્થિતિ ઘણાં કુટુંબમાં છે. થોડા સમય પછી મા શાકભાજી લેવા નીકળી ને દીકરાને કહેતી ગઈ - ટાંકીમાં પાણી ભરાય છે - જરા જોજે - ભરાઈ ન જાય... ને મા તો બજારે ગઈ. બજારેથી આવી મા શું જૂએ છે? દીકરાએ ગળે ફાંસો ખાઈ લીધો છે. જો કે ટીન એજરના આપઘાત બાબતનું લીસ્ટ લાંબુ છે.

બહુ વરસો પહેલા આપણા પ્રતિષ્ઠિત નિબંધકાર - વિચારક ભૂપત વડોદરિયાએ એક લેખ લખેલ. તેમાંના થોડા અંશો પ્રસ્તુત છે. લેખનું શિર્ષક હતું. ''આપણે - પાર્ટ ટાઈમ મા-બાપો.'' લખે છે - બાળઉછેર એ 'ફુલટાઈમ'ની નહિ 'હોલટાઈમ'ની કામગીરી છે. પણ તેજ રફતારના આ જમાનામાં મા-બાપ વહેલી સવારથી દોડવા માંડે છે. વધુ કમાણી અને સુખ સગવડના વધુ સાધનો પાછળની આ આંધળી દોટમાં આપણે બાળકોના ઉછેરની સરિયામ ઉપેક્ષા કરી છે... બાળકો માટે પ્રેમ છે, પણ તે એક લોહીની સગાઈનો છે. સાચી સમજદારીથી જન્મેલો નથી. બાળકોના ભાવિ કલ્યાણને ખાતર આપણે વર્તમાનમાં બાળકોની ઉપેક્ષા કરીએ છીએ.

સાવ સાચી વાત કે બાળકોને ભવિષ્યમાં ખૂબ આગળ વધારવા છે, સ્પર્ધામાં મૂકવા છે ને યેનકેન પ્રકારે તેમને ફર્સ્ટમાં જ મૂક્યા છે. વિચારીઓ તો લાગે કે બાળકોના બે પગ પૂરતા નથી. તે સફળતા હાંસલ કરવા પૂરતા નથી. એટલે પછી તેના બે પગ સાથે જ 'સફળતા મેળવવાનો' આ ત્રીજો પગ બાંધી દઈએ છીએ. અને કરુણતા એ કે બાળકો ત્રિપંગી ચાલે દોડવા લાગે છે. આ દરમ્યાન માબાપે આંધળી આગ બાળકોને વળગાડી દીધી હોય છે. સમય પસાર થતાં આ ઘેર ભયંકર વળાંકે આવે છે. એ વળાંક એટલે આટલી આંધળી દોટ પછી ધાર્યું પરિણામ મળતું નથી. હતાશા નિરાશાની ગર્તામાં પડી જવાનું દુઃખ અને તેની પીડા અસહ્ય બનતાં આપઘાતનો પ્રયત્ન જ સહારો બની જાય છે. આપઘાત કરવો સહેલો છે? જરાય નહી કમનસીબે તેનો સીબસીલો ચાલુ થતાં જ શહેરના મનોચિકિત્સકોના મંતવ્યો જાણવા મળ્યા કે આ ઉંમર નાસમજણની હોય છે. તેની ઉપર કરતાં તેની પાસે સમસ્યાઓનો રાફડો છે. બાળકમાં આંતરિક અકળામણ પરાકાષ્ઠાએ પહોંચે ત્યારે છેલ્લું આપઘાતનું પગલું ભરી બેસે છે. મોટેરાઓ વિમાસણમાં સરી પડે છે તંગ દોરી પર ચાલતા હોય તેવું તેમને લાગે છે. સમજીએ તો આપણે આપણી આજની રઘવાઈ જીવનશૈલી બદલવી પડશે. *Result Oriented* વલણ બાળકો પર ઠોકી દીધું છે. સ્માર્ટ બધામાં પહેલો - આગળ એ આજનો માહોલ છે. ખરજવું પીડા કરે તોય ખંજોલીયા જ કરીએ તેવું કંઈક અહીં છે. વળી આમાં છાનું કાંઈ નથી - ન સમજાય એવું યે નથી. ઉઘાડું છે - પારદર્શક છે. બને છે એવું કે અન્ય સ્થળે - ઘરે કરુણ પ્રસંગ બન્યો છે - કોઈ બાળકે આપઘાત કરી લીધો છે. જાણતાં દુઃખ થાય છે. થોડી વાર માટે મન ડહોળાય છે. અરેરાટી પણ થાય છે. મન સાથે થોડી દલીલો પણ કરી લઈએ છે આગળ પછી શું કર્યું? કાંઈ કર્યું ખરું? ત્રીજો પગ કચકચાવીને બાંધ્યો છે તેમાંથી તેને મુક્ત કરવા તમે શું વિચાર્યું? ત્રીજા-ચોથા સ્ટેજે રોગપ્રસરી જાયને ડૉક્ટર કહી દે - હવે અમારા હાથમાં કાંઈ નથી...! બહુ મોડા દર્દીને લાવ્યા. કેમ આપણાં જ બાળકોના આપણે દુશ્મન થઈ બેઠાં છીએ? આપણને શું થઈ ગયું છે આવા તો આપણે ક્યારેય ન હતા.

## બંને એક સમાન

દીકરી સુરજ છે તો વહુ ચંદ્ર છે
આખરે અજવાળું તો બંને આપે છે.
એક ભલે તમારા ખોળામા રમી હોય પણ
બીજી તેની માંનો ખોળો મુકીને આવી છે
ઘરની બહાર દીકરીના હાથના થાપા જોઈને
રડવું આવે છે ને?
વહુના પહેલા દિવસના પગલાં પણ એટલા જ
મહત્વના હોવા જોઈએ!
માનું છું દીકરી વ્હાલનો દરિયો છે તો
વહુ પણ લક્ષ્મીનો અવતાર છે!

||શ્રી અજીતનાથાય નમઃ||

# ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ



જન્મ
તા.૨૩-૧૧-૧૯૩૦

સ્વર્ગવાસ
તા.૨૬-૪-૨૦૧૮

વડાલ (સોરઠ) નિવાસી હાલ બોરીવલી

## સ્વ. ભગવાનદાસ દામોદર મહેતા

આપના વિચાર અમારા આદર્શ છે. આપની સ્મૃતિ અમારી મૂડી છે.

આપે ચિંધેલા માર્ગનું અનુકરણ અમારું લક્ષ્ય રહેશે

આપના દિવ્ય આત્માને પ્રભુ શાશ્વત સુખ

અને પરમ શાંતિ બક્ષી મોક્ષગામી બનાવે

તેવી અશ્રુભીની આંખે શ્રદ્ધાંજલિ સાથે પ્રાર્થના

**સ્વ. લીલાવંતીબેન ભગવાનદાસ મહેતા**

**કીર્તિભાઈ - સ્વ.ભારતીબેન, ગીરીશભાઈ - હર્ષાબેન તથા**

**હરીશભાઈ - જાગૃતિબેન મહેતા પરિવાર**

**ભાવનાબેન - ભરતભાઈ કોરડીયા તથા**

**માયાબેન - સંજયભાઈ મહેતા પરિવાર**

**કૃપાબેન - મિતુલકુમાર વોરા તથા**

**નેહાબેન - બિરજુકુમાર મહેતા**

**તથા મહેતા પરિવાર**

Kayami - April

## નવમી વાર્ષિક પુણ્યતિથીએ ભાવભીની શ્રદ્ધાંજલિ - સ્મરણાંજલિ



# સ્વ. ભારતીબેન કીર્તિભાઈ મહેતા

**સ્વર્ગારોહણ : તા.૨૧-૪-૨૦૧૪ - (વડાલ, હાલ - બોરીવલી)**

**સમય જીંદગીનો ઓછો હશે....ક્યાં ખબર હતી;**

**વિદાય તમારી અણધારી થશે ક્યાં ખબર હતી**

**વિદાય પણ એવી કે વીસરાય નહીં...જ્યાં કુદરત રૂઠી...કોને ફરિયાદ કરવી... ? ?**

**નાનીશી જિંદગી હતી પણ મોટી માયા લગાડી ગયા; થોડા, સમયમાં ઘણું આપી ગયા...**

**આપની અણધારી વિદાયને મહેતા પરિવાર અશ્રુભીની આંખે શ્રદ્ધાંજલિ આપે છે,**

**અંજલિ આપતા હૈયું ફાટે છે, શ્રદ્ધાંજલિ આપતા શબ્દો ખૂટે છે...**

**પરમાત્મા આપના દિવ્ય આત્માને શ્રી સીમંધર સ્વામીનું શરણ આપે એજ પ્રાર્થના...**

સ્વ. શ્રી ભગવાનદાસ દામોદર મહેતા
સ્વ. લીલાવંતીબેન ભગવાનદાસ મહેતા
કીર્તિભાઈ – દેવાંગ – કિંજલ – પ્રીશા – અનિકા
કૃપાબેન – મિતુલકુમાર – સિધ્ધ વોરા
ગીરીશભાઈ – હર્ષાબેન
હરિશભાઈ – જાગૃતિબેન
ભાવનાબેન – ભરતભાઈ
માયાબેન – સંજયભાઈ

-: મહેતા પરિવાર :-

Kayami - April

## માં નું મૂલ્યાંકન

દીકરાનું એસ.એસ.સી.નું પરિણામ આવ્યું. અભણ માઁ બોલી દીકરા એસ.એસ.સી.નું પરિણામ આવ્યું ! પપ્પા બોલ્યા વાહ બેટા સરસ.... રસોડામાં દીકરાના પરિણામ ની રાહમાં લાપસી બનાવતી તેની પત્નીને સાદ પડ્યો, ''એ સાંભળે છે ? આપણો દીકરો એસ.એસ.સી.માં ૯૭% સાથે પાસ થયો છે.'' તેની પત્ની દોડતી-દોડતી આવી... બોલી બતાવો મને પરિણામ ! દીકરો બોલ્યો એ *English* માં છે, મમ્મી તું અભણ છે ને, તું રેવા દે, તને નઈ ખબર પડે. માઁ ની આંખ છલકાઈ ગઈ પણ બિચારી કઈ બોલી ના શકી.

ત્યારે તેના પપ્પા બોલ્યા; બેટા અમારા લગ્નના બે જ મહિનામાં તારી માંને ગર્ભ રહ્યો હતો, મેં કહ્યું ચાલ ગર્ભપાત કરાવી લઈએ, હજુ તો આપણે જિંદગીમાં કઈ ફર્યા જ નથી. તેણે ત્યારે મારી વાતનો વિરોધ કર્યો, કારણ કે તે અભણ છે. તારી માઁ ને દૂધ નથી ભાવતું પણ તને પોષણ મળે એ માટે તેણે ૯ મહિના દૂધ પીધું. કારણ કે તે અભણ છે. તને સવારે ૬ વાગ્યે શાળા એ મોકલવા એ પોતે સવારે ૪.૩૦ વાગ્યામાં જાગીને તારા માટે તને ભાવતો નાસ્તો બનાવતી, કારણ કે તે અભણ છે.

તું રાત્રે વાંચતો-વાંચતો સૂઈ ગયો હોય ત્યારે તે તારી બુક વ્યવસ્થિત મૂકી, તને ગોદડું ઓઢાડી, તારો મોબાઈલ ચાર્જમાં મૂકી, હળવેક થી બત્તી બંધ કરી દેતી, કારણ કે તે અભણ છે. આજ સુધી તે પોતે દેશી હોવા છતાં પણ તને વિદેશી સગવડો આપી છે, કારણ કે તે અભણ છે. તું નાનો હતો ને ત્યારે રાત્રે ઘણી વખત તાવ આવી જતો હતો અને બીમાર પડી જતો, આખી રાત તારા માટે એ જાગતી રહે, કપાળ ઉપર પાણીના પોતા મૂકે અને સવારે વળી પાછી પોતાના કામમાં વળગી જાય, કારણ કે તે અભણ છે.

તને સારા કપડાં પહેરાવવા તે પોતે સસ્તી સાડીમાં ચલાવી લેતી, કારણ કે તે અભણ છે. બેટા ભણેલાઓને તો પ્રથમ પોતાનો સ્વાર્થ દેખાય, પણ તારી માઁ એ આજ સુધી ઘરમાં પોતાનો સ્વાર્થ નથી જોયો, તે આપણું જમવાનું બનાવવામાં ક્યારેક પોતે જમતા ભૂલી જતી. ક્યારેક આપણાથી ભાવતી વસ્તુ વધારે ખવાઈ જાય તો પોતાના ભાગે આવતી વસ્તુ પણ આપણને આપી દેતી અને પોતે બીજી વસ્તુ ખાઈને ચલાવી લેતી કારણ કે તે અભણ છે.... તેથી હું ગર્વથી કહું છું કે મારી જીવનસંગીની અભણ છે.... દીકરો આટલું સાંભળી રડી પડ્યો અને બોલ્યો :

''માઁ'' હું તો માત્ર કાગળ પર જ ૯૭% લાવ્યો છું, પણ મારા જીવનને ૧૦૦% સફળ બનાવનારી પ્રથમ શિક્ષક તું છે. જે શિક્ષકનો વિદ્યાર્થી ૯૭% લાવતો હોય, તે શિક્ષક પાસે કેટલું જ્ઞાન હશે એ તો હું વિચારી જ ન શક્યો. માઁ આજે ૯૭% સાથે પણ હું અભણ જ છું, અને તારી પાસે આજે Phd. થી પણ ઉંચી ડિગ્રી છે. કારણ કે આજે મેં અભણ માઁ ના સ્વરુપમાં ડોક્ટર, શિક્ષક, સારી સલાહકાર (વકીલ), મારા કપડાંને સિવતી ડિઝાઈનર અને બેસ્ટ કુક વગેરેના દર્શન કર્યા છે. (respect for all માઁ)

## તમે જાતે વાપરો એટલુંજ તમારું

ભગવાનનો બનાવેલ વાસ્તવિક સંસાર કોઈને દુઃખ રૂપ થતો નથી તે નક્કી છે. ભગવાન તો પરમ કૃપાળુ છે. પરમાત્મા એ જગત બધાની ભલાઈ માટે બનાવ્યું છે અને તેનો સદુપયોગ કરતા આવડવું જોઈએ.

જગતમાં તમામ જીવ તેમાં ખાસ કરીને મનુષ્ય જીવન પુણ્યબળથી જ મળે છે. મનુષ્ય ભવનો ઉપયોગ કેમ કરવો તે આપણા પોતાના હાથમાં છે. મળેલી સંપત્તિ અને પોતાના હિત માટે જરૂરિયાત પ્રમાણે રાખીને ફક્ત સંપત્તિનો નાનકડો હિસ્સો સદ્કાર્ય પોતાની હૈયાતીમાં યોગ્ય રીતે ધર્મકાર્યમાં-સમાજ પ્રગતિ માટે જીવદયામાં-સાધર્મિક ભક્તિ-અનુકંપા ભક્તિમાં યોગ્ય રીતે વિભાજન કરી વાપરવું જોઈએ. મનુષ્ય સાથે જે કઈ પણ સાથે આવી શકે છે તે ફક્ત સારા કાર્યની સુહાસ આવે છે. આપણા ગયા પછી આપણી સંપત્તિનું શું થશે ? તે ખબર નહિ પડે. જે પણ પ્રાપ્ત થાય છે તે દેવ ગુરુના આશીર્વાદથી જ મળે છે. સદ્કાર્યમાં તમે ખરા દિલથી વાપરેલો ફક્ત એક રૂપિયો પણ એક લાખના દાન બરાબર છે. કેટલા રૂપિયા સદ્કાર્યમાં વાપરો છો તે મહત્વનું નથી પણ કેવા ભાવથી વાપરો તે મહત્વનું છે. અને તેજ પ્રમાણે તમારા પુણ્યમાં વૃદ્ધિ થાય છે. આપણે જે જીવન જીવી રહ્યાં છે. તેમાંથી આપણને પોતાને સંતોષ મળવોજ જોઈએ. આપણા બધાની ઓળખ સમાજ થકીજ છે સમાજનું હિત તેજ આપણા બધાનું હિત છે.

।। શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ ।।

# શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મંડળ (ભાયંદર)

**SHRI SORATH VISHASHRIMALI JAIN MANDAL BHYANDAR**

S V J

સ્થાપના સં. ૨૦૩૪

૨૦૨, મંગલમુર્તી ટાવર,૬૦ ફુટ રોડ, દેવ વાટીકા હૉલ ની બાજુમા, ભાયંદર (વેસ્ટ) ૪૦૧ ૧૦૧ ફોન :- ૯૮૩૩૪૫૨૧૧૦

202, MANGAL MURTI TOWER, 60 FEET ROAD, NEAR DEV VATIKA HALL, BHAYANDAR (W) 401 101 • Mob.: 9833452110

## નવી કારોબારી સમિતિ

માનનીય સભ્ય શ્રી ____________________

સવિનય જણાવવાનુ કે આ મંડળની નવી કારોબારી સમિતિની નિમણૂંક તા. ૦૧-૦૧-૨૦૨૩ રવિવારની સમાન્ય સભામા થયેલ હતી. ત્યારબાદ કારોબારી સમિતિની સભા તા. ૧૨-૦૧-૨૦૨૩ માં મળેલ હતી જેમા હોદેદારોની નિમણુક સર્વાનુમતે થયેલ છે.

| ક્રમ | હોદેદારો | નામ | મોબાઈલ નં. |
|---|---|---|---|
| ૧) | પ્રમુખ | શ્રી જયેશભાઈ ચુનીલાલ વસા | ૯૮૩૩૪૫૨૧૧૦ |
| ૨) | ઉપપ્રમુખ | શ્રી શૈલેષભાઈ નવલચંદ વારીયા | ૯૮૭૦૫૭૨૭૮૧ |
| ૩) | સેક્રેટરી | શ્રી મનિષભાઈ પ્રભુદાસ મહેતા | ૯૦૨૨૯૦૯૯૫૭ |
| ૪) | જોઈન્ટ સેક્રેટરી | શ્રી ભરતભાઈ પ્રાણલાલ મહેતા | ૯૯૬૯૫૫૭૮૬૩ |
| ૫) | ખજાનચી | શ્રી ધવલભાઈ મહેદ્રભાઈ ભણસાલી | ૯૬૯૯૧૨૨૫૦૫ |
| ૬) | મેમ્બર | શ્રી મિલનભાઈ નગીનદાસ વોરા | ૯૮૨૦૯૩૪૭૬૪ |
| ૭) | મેમ્બર | શ્રી ગૌરવભાઈ બિપીનભાઈ શેઠ | ૯૮૨૧૬૩૩૩૬૫ |
| ૮) | મેમ્બર | શ્રી કલ્પેશભાઈ શાંતિલાલ મહેતા | ૯૮૨૧૭૮૪૯૮૯ |
| ૯) | મેમ્બર | શ્રી અમિતભાઈ કાંતીલાલ શાહ | ૯૬૧૯૫૮૫૩૨૩ |
| ૧૦) | મેમ્બર | શ્રી નરેશભાઈ મોહનલાલ મહેતા | ૮૩૫૬૯૨૪૮૪૮ |
| ૧૧) | મેમ્બર | શ્રી અંતિમભાઈ શશીકાંત શેઠ | ૯૮૨૦૯૮૩૩૫૮ |
| ૧૨) | કો. મેમ્બર | શ્રી વિજયભાઈ મગનલાલ વસા | ૯૮૨૦૪૯૩૭૫૫ |
| ૧૩) | કો. મેમ્બર | શ્રી ભાવિનભાઈ દિનેશભાઈ શેઠ | ૯૮૩૩૫૩૮૧૨૬ |

**આ કરોબારી સમિતિ હિસાબી વર્ષ ૨૦૨૩-૨૪,૨૦૨૪-૨૫ માટે રહેશે.**

શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મંડળ (ભાયંદર)
કારોબારી કમીટી

# શ્રધ્ધાંજલિ



## ટવીંકલ સુરેશકુમાર ગારડી

ઘણા લોકો એવા હોય છે જેની યાદ કયારેય ભુલાતી નથી જેની ખાલી પડેલી જગ્યા કોઈ પુરી શકતું નથી.

જીવ્યું તો એને કહેવાય જે પોતાના અસ્તિત્વની અમીપ છાપ છોડી જાય. ટ્વીંકલ અમારા પરિવારની આજ્ઞાંકિત પુત્રી, વહાલસોઈ બહેન, અમારા સહુની સ્મૃતિમાં કાયમ અંકિત રહેશે. તારી અણધારી વિદાય યાદ રાખીને આપણે સહુ પણ તેની જેમ કોઈના મુરજાયેલા ચહેરા ઉપર સ્મીત રેલાવીયે. કોઈના જીવનના આંગણામાં નયનરમ્ય રંગોલી કરી શકીએ. પ્રત્યેક પળ ઉત્સાહ, ઉલ્લાસ, ઉમંગથી વધાવીએ એજ પ્રાર્થના.

**પિતાશ્રી** : સુરેશકુમાર
**માતાશ્રી** : લીલમબેન
**બહેન** : ડીમ્પલ
**ભાઈ** : દીવ્યેશ
**ભાભી** : શેલ્વી
**ભત્રીજા** : નિશાન - શયાન

**તથા પ્રભુલાલ ડાયાલાલ ગારડી પરિવાર અને**
**મોસાળ પોપટલાલ દુર્લભજી દોશી પરિવાર**

Contract 2

## ''આજનું સ્વપ્ન''
## કદાચ અર્ધ સત્ય હોત...

આજે સવારથી પત્નીનો અવાજ સંભળાયો ન હતો. મને નવાઈ લાગી રોજ સવારે છ વાગે ઉઠી જનારી આજ કેમ હજી સુતી છે ? હું બેડરૂમમાં ગયો એ જાગી ગઈ હતી પણ બારી બહાર જોઈ રહી હતી. મેં તેના માથે હાથ ફેરવીને કહ્યું ''જય શ્રી કૃષ્ણ'' આજે તારી તબીયત બરાબર છે ને ? પછી મારે ખભે હાથ મુકી રડી પડી. હું કારણ સમજી ગયો છતા પણ અજાણ રહ્યો હતો. હું એની બાજુમાં બેઠો અને કહ્યું સાંભળ પરિવર્તન એ સંસારનો નિયમ છે. જે વ્યક્તિ પરિવર્તનની સાથે ડગલાં માંડતો નથી એ દુઃખી થાય છે... અથવા વહેતા પ્રવાહથી બહાર ફેંકાઈ જાય છે. એક વાત યાદ રાખજે, આપણે આનંદમાં રહેવું કે દુઃખી થવું તેનો અધિકાર માત્ર આપણી પાસે હોવો જોઈએ કોઈ પણ વ્યક્તિના વાણી, વર્તન કે વ્યવહાર આપણા વર્તમાન કે ભવિષ્યના જીવનને વિચલિત કેવી રીતે કરી શકે ? એણે મને કહ્યું વાર તહેવારે કે રજાના દિવસોમાં આપણો દિકરો અને તેની પત્ની હમેશા આપણને બંન્નેને એકલા મૂકી બહાર નીકળી જાય છે તે તમને આ યોગ્ય લાગે છે ?

અરે ગાંડી... પંખીને પાંખ આવે એટલે ઉડે. આ ''હક્ક અને ફરજ''ની પક્કડ દોડમાં આપણે આપણો સમય બરબાદ શા માટે કરવો જોઈએ ? કોઈને પકડવા પ્રયત્ન જેટલો કરીશું એટલું એ વધારે દોડશે. પડતા મૂકી દેવા જોઈએ એવી વ્યક્તિઓને જેમને તમારા પ્રેમની કદર નથી. તેને નજર અંદાજ કરતા શીખવું પડશે. તેની મેળે આવી વ્યક્તિઓ પરત આવશે. તારે ધુળેટી જ રમવી છે ને ? એ મારી સામે જોતી રહી. મેં કીધું આવતા અઠવાડિયે હોળી છે. હવે બાકી બચેલ જીવન અને તેની સાથે સંકળાયેલ તહેવાર અને રજાઓ ક્યાં અને કેવી રીતે ઉજવવા એ મારી ઉપર છોડ. આ વખતની ધુળેટી મેં ગોકુળ મથુરા અને વૃંદાવનમાં ગાળવાનું નક્કી કર્યું છે. તું જ માત્ર નહીં હું પણ થાકી ગયો છું. હવે મેં પણ નિર્ણય કર્યો છે કોઈ પણ તહેવાર ઘરે નહિ ઉજવું. દરેક તહેવાર પ્રમાણે સ્થળ મેં નક્કી કરી લીધા છે. હોળી ધુળેટીમાં વૃંદાવન મથુરા જતું રહેવું છે. નવરાત્રીમાં ઘરે મુંબઈ દાંડિયા અને દિવાળીમાં કચ્છ મંદિર અને ઉનાળુ વેકેશન કોઈ પણ હિલ સ્ટેશન ઉપર જતા રહેવું. એના મોઢા ઉપર આનંદ દેખાયો એ બોલી તો જન્માષ્ટમી તો આપણે ઘરે અને પછી ડાકોર અથવા દ્વારકા જતા રહેવાનું. હક્ક અને ફરજ એક સિક્કાની બે બાજુ છે. તેઓ કમાય છે. સારી વાત છે. તે લોકોની આર્થિક સધ્ધરતામાં આપણે ખુશ છીયે પણ આર્થિક સધ્ધરતાને કારણે તેઓનું સ્વચ્છંદીપણુ મને માન્ય પણ નથી. તારૂં અને મારૂં જીવન સ્વમાનથી જીવાય તેટલું ઈશ્વરે આપ્યું છે. તેઓની તકલીફમાં આપણે ઉભા છીયે પણ એ લોકોની આર્થિક સધ્ધરતાના ધુમાડા મારે કે તારા ઉપર કાઢે એ તું જાણે છે મારાથી સહન થાય તેમ નથી.

હું મૌન બની તમાશો ઘરનો જોઈ રહ્યો છું. પણ તેનો મતલબ એ પણ નથી કે હું તારી લાગણી સમજતો નથી. દરેક વ્યક્તિને સારાપણાનો થાક લાગે. અને હવે તું નહિ હું પણ થાક્યો તેમના સ્વચ્છંદીપણાથી. તહેવાર પરિવાર સાથે ઉજવવાની મજા હોય છે. પણ ઘણાં સમયથી તહેવારમાં પણ એકલો પડી ગયો હોય તેવું લાગે છે. જો તહેવાર કે રજાના દિવસો ઘરમાં એકલા જ રહેવાનું હોય તો તું પણ માર ઘરને હવે તાળું. તૈયારી કર વૃંદાવન જવાની બે દિવસ પછી ટ્રેનની ટિકિટ બુક કરાવી લઈએ. એ આનંદથી મને ભેટી પડી એ બોલી આ તમારો નિર્ણય મને બહુ ગમ્યો. બીજે દિવસે ડાઈનિંગ ટેબલ ઉપર ડીનર લેતા મેં દિકરા અને વહુને કીધું. બેટા અમે હોળી ઉપર ઘરે નથી. તમારી જાણ ખાતર ક્યાં જાવ છો પપ્પા ? મેં કીધું બસ ફરવા પણ ક્યાં ? એ બોલ્યો મેં કીધું તમને જ્યારે અમે પુછીએ છીએ ત્યારે તમે અમને એટલું જ ફરવા. પણ ક્યા ? એ કહો છો દિકરો સમજી ગયો. પપ્પા સીધો જવાબ આપતા નથી. એટલે તેણે પોતાની મમ્મી સામે જોઈ કીધુ. મમ્મી તું કહે પપ્પા સીધા જવાબ નહિ આપે બેટા દરેક તહેવાર હું અને તારા પપ્પા ઘરમાં એકલા પડી જઈએ છીએ. દરેક તહેવાર ઉજવવા તમને તમારૂ મિત્ર મંડળ મળી ગયું છે. તમારા રૂટિનના વ્યસ્ત જીવનમાં અમે અપેક્ષા ન રાખીયે પણ રજા કે તહેવારમાં અમે આશા જરૂર રાખીએ કે આપણે બધા સાથે તહેવારની ઉજવણી કરીએ અમે એ પણ જાણીએ છીએ કે તમે મોટા થઈ ગયાં છો. કમાતા થઈ ગયા છો હાથ પગ અને જીભ પણ હવે ચાલવા લાગી છે. તમે તમારી મરજીના માલિક છો તમને રોકવાનો અધિકાર જ્યારે અમે ગુમાવી દીધો છે. ત્યારે આવા સંજોગમાં અમારી પાસે અંતિમ વિકલ્પ અમારો વ્યક્તિગત નિર્ણય લેવાનો અધિકાર જે હતો તે અમે ભૂલી જ ગયા હતા. અત્યારે તો તારા પપ્પાએ ટ્રેનની ટિકિટ બુક કરાવી છે, અમે આઠ દિવસ માટે ગોકુળ મથુરા અને વૃંદાવન હોળી ધુળેટી રમવા જઈએ છીએ બાકી તારા ધ્યાન માટે હવે

પછીના કોઈ પણ તહેવાર તારા પપ્પા ઘરમાં ઉજવવા માંગતા નથી. તેમણે દરેક તહેવારનું સમય પત્રક બનાવી દીધું છે. તમે પણ તમારા મિત્રો સાથે રજાના દિવસ અને તહેવાર દરમ્યાન આનંદ કરો અને અમે પણ અમારું નિવૃત જીવન અમારી ઉંમરની ગમતી વ્યક્તિઓ સાથે ગાળીએ બેટા એક વાત યાદ રાખજે કોઈ પણ વાતનો જ્યારે અતિરેક થાય ત્યારે જીવનનો રસ્તો કે સ્વભાવ બદલવા કોઈ પણ વ્યક્તિ મજબુર થાય છે. બસ એની પાસે બોલવા માટે કોઈ શબ્દો ન હતા. અમે જ્યારે વૃંદાવનથી પાછા ફર્યા ત્યારે અચાનક દિકરો અને તેની પત્ની ને રેલ્વે સ્ટેશન ઉપર જોઈ અમે ખુશ થયા. વહુ અને દિકરો બન્ને અમને બન્નેને દોડી અને ભેટી પડ્યા. બન્નેની આંખોમાં પ્રાયશ્ચિતના આંસુ હતા. તેઓ માત્ર એટલું બોલ્યા પપ્પા અઠવાડિયામાં એકલતા અને એકાંતનો મતલબ અમે સમજી ગયા.

દિકરા અને વહુની અચાનક નજર મારી પાછળ વહુના મમ્મી પપ્પા મતલબ મારા દિકરાના સાસુ સસરા સામાન સાથે ઉભા હતા ત્યાં પડી વહુ એ આશ્ચર્ય સાથે પૂછ્યું અરે પપ્પા મમ્મી તમે પણ વૃંદાવન ગયા હતા? વહુના પપ્પા બોલ્યા, હા બેટા જે વ્યથા તારા સસરાની છે એજ વ્યથા અમારી છે.

અમે પણ તહેવારમાં એકલા પડી જઈએ છીએ. તારા ભાઈ ભાભી રજાના દિવસોમાં ઘરમાં હોતા જ નથી. અમે સમદુખિયા છીએ. એટલે હવે અમે બન્ને પરિવારે તહેવારમાં બહાર નીકળી જવાનું નક્કી કર્યું છે. દિકરી અને વહુ હાથ જોડી બોલ્યા અમે ભૂલી ગયા હતા મિત્રો સિવાય પણ ઘરે આપણી કોઈ રાહ જોઈ બેઠા છે. જેમણે પોતાનું સર્વસ્વ આપણી પ્રગતિ પાછળ ન્યોછાવર કરી દીધું છે. હવે અમે તમને વચન આપીએ છીએ. તહેવાર હોય કે રજા તમારી સાથે, પછી એ બહાર હોય કે ઘરની અંદર હું અને મારી પત્ની બધા એક બીજા સામે જોતા રહ્યા.

મિત્રો, મૃત્યુ જેટલી કડવી વાસ્તવિકતા છે તેટલું ઘડપણ પણ એક કડવી વાસ્તવિકતા છે. જેનાથી કોઈ બચ્યું નથી. પીપળ પાન ખરંતા, હસતી કૂંપળિયા, મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપલીયા. જોબનયું આજ આવ્યું ને કાલે જાશે. જોબનીયાને પગની પાનીમાં રાખો. કોઈ પણ ભોગે એવી વ્યક્તિને ખાસ સાચવી લેજો જેણે તમને સાથ સમય અને સમર્પણ આ ત્રણ ભેટ સુખ અને દુઃખના સમયે આપી હોય તમારા વ્યસ્ત જીવનમાંથી તેમના માટે પણ થોડો સમય ફાળવો. ઘરના દરેક વાંચવા જેવી પોસ્ટ

## પ્રેરણાત્મક સત્ય ઘટના
## ''ડોનેશન આ રીતે જ અપાય!''

એક વખત એક મહિલા એક સેવાભાવી સંસ્થા પાસે ગઈ. આજીજી કરતાં એણે કહ્યું મારા પતિ મિલમાં નોકરી કરતા હતા. બારેક મહિના અગાઉ એક વખત મિલમાં એમને એક્સિડન્ટ થયો અને એમના બંને પગ કપાઈ ગયા. મારે બે દીકરીઓ છે. અમારા પરિવાર પર આભ તૂટી પડ્યું છે. આપ કાંઈક મદદ કરો એવી વિનંતી છે. સંસ્થાના સંચાલકે કહ્યું બોલ બહેન! તને શી મદદ કરીએ? યુવતી ભીના અવાજે બોલી મારે બીજું કાંઈ નથી જોઈતું બસ થોડું કરિયાણું અને અનાજ આપો એટલું ઘણું છે!

બહેન અમે તને મદદ જરૂર કરીશું પરંતુ તું ઈચ્છે છે એ રીતે નહીં, અમે ઈચ્છીએ છીએ એ રીતે તું જીવનભર લાચાર અને ઓશિયાળી બની રહે એ ઠીક નથી. તારે વારંવાર લોકો પાસે મદદ માગીને સ્વમાનહીન જીવન જીવવું પડે એ પણ યોગ્ય નથી.

મદદ માગતા આવેલી યુવતીને કશું સમજાયું નહીં. એને અગાઉનો એવો ઘણો અનુભવ હતો કે કેટલાક કહેવાતા મોટા માણસો મદદ ન કરવી પડે એટલે માત્ર ઉપદેશ આપતા હોય છે! છતાં એ લાચાર યુવતી સંચાલકની વાત સાંભળી રહી, સંચાલકે એને કહ્યું જો બહેન! અમારી સંસ્થા તરફથી તને વેફર બનાવવાનાં બે મશીન આપીશું. સાથે સાથે તને થોડા કાચા કેળા પણ અપાવીશું. તારા પતિના પગ કપાઈ ગયા છે, પણ પલંગ પર બેઠાબેઠા કામ કરવાનું એને જરૂર ફાવશે. આજથી હવે તારે અને તારા પતિએ બંનેએ કેળાની વેફર બનાવવાનું કામ કરીને રોજી મેળવવાનો ઉદ્યમ કરવાનો છે.

જી આભાર! યુવતી બોલી સેવાભાવી સંસ્થાના સંચાલકે એ મહિલાને વેફર બનાવવાનાં બે મશીન આપ્યા. ૫૦ ડઝન કાચા કેળા અપાવ્યા અને એમાંથી બનેલી વેફર વેચવા માટે એક નમકીનની દુકાને ભલામણ કરી દીધી. બધુ લઈને એ મહિલા એના ઘરે પાછી ગઈ. લગભગ છ મહિના પછી એ મહિલા ફરીથી આ સેવાભાવી સંસ્થામાં આવી. આ વખતે એના ચહેરા પર વિષાદ નહોતો. આનંદ હતો! આ વખતે એના અવાજમાં વ્યથા નહોતી. આત્મવિશ્વાસ હતો! એ પોતાની સાથે થેલામાં વેફર બનાવવાના બીજા દસ મશીન લઈને આવી હતી. એણે સંચાલક સામે એ ૧૦ મશીન

મૂક્યાં અને કહ્યું સાહેબ! આજ પછી આપની પાસે મારી જેમ કોઈ પણ વ્યક્તિ મદદ માગવા માટે આવે તો તેમને મારા તરફથી આ મશીન આપજો! તમે મને લાચાર અને મજબૂર બનવાને બદલે સ્વમાનથી અને આત્મનિર્ભર બનીને જીવવાનું શીખવાડ્યું છે. હું આપની સંસ્થાને દર વર્ષે વેફર બનાવવાનાં મશીન ભેટ આપતી રહીશ!

સેવાભાવી સંસ્થા પાસે મદદ માગવા આવેલી પેલી લાચાર મહિલા આજે આત્મનિર્ભર બનીને સામેથી ડોનેશન આપવા સુધી પહોંચી ચૂકી હતી! આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ એટલે મહિલાઓએ મજબૂર નહીં, મજબૂત બનાવવાનો દિવસ. પોતાને મળેલી દરેક તકનો ઉપયોગ નજીકના સ્વાર્થ માટે નહીં પરંતુ લાંબા સમયના લાભ માટે કરવાની ત્રેવડ વ્યક્તિને માત્ર સફળતાના જ નહીં, ગૌરવના શિખરે પહોંચાડે છે.

## સત્ય ઘટના આધારિત પ્રેરક પ્રસંગ

ઉપકાર કરવાની ભાવનાથી કરેલ કોઈપણ સતકર્મની પ્રભુ નોંધ લેતો નથી. એક વખત એક સેવાભાવી સંસ્થાની અંદર કુદરતી આફત વખતે સેવા કાર્ય ચાલી રહ્યું હતું. આ દરમ્યાન એક દાદા જૂની ધોતી ઉપર બંડી પહેરી રીક્ષામાંથી નીચે ઉતર્યા એ કાર્યાલય તરફ આગળ વધતા હતા. એક હાથમાં લાકડી બીજા હાથમાં ઝોળી, આંખે ચશ્મા, પગમાં જૂનાં ચંપલ છતાં ચાલમાં ખુમારી હતી.

એ કાર્યાલય તરફ આગળ વધ્યા એટલે ત્યાંની ઓફિસના કર્મચારીએ દાદાને રોક્યા. દાદા લાઈનમાં ઊભા રહો, અથવા અહીં બેસો તમારો વારો આવે એટલે બોલાવશું... દાદા બાંકડા ઉપર બેસી લાઈનમાં ઉભેલા વ્યક્તિઓનું નિરીક્ષણ કરી રહ્યા હતા!! લોકો મોઢા ઉપર પોતાની ઓળખ છુપાવવા માટે રૂમાલ કે ઓઢણી ઢાંકી ટિફિન પકડી લાઈનમાં ઊભા હતા. કોઈ મોબાઈલથી વીડિયો ઉતારતા હતા તો કોઈ ફોટા પાડી રહ્યા હતા. આવા સંકટ સમયે સંજોગોના શિકાર બનેલ વ્યક્તિઓના પણ ફોટા અને વીડિયો ઉતારી અમુક લોકો નીચ હરકતો કરી વિકૃત આનંદ મેળવી રહ્યા હતા.

અચાનક કોઈએ બુમ પાડી. દાદા આવી જાવ તમારૂ ટિફિન લઈને. દાદા નજીક ગયા ઓફિસમાંથી અવાજ આવ્યો દાદા વાસણ ઘરેથી લાવવાનું. દાદા બોલ્યા બેટા હું એ માટે નથી આવ્યો મારે અગત્યની વાત કરવી છે. પણ અત્યારે દાદા અમારી પાસે સમય નથી. ઓફિસમાંથી અવાજ આવ્યો. અરે બેટા ડોનેશન માટે વાત કરવી છે. ઓફિસના કર્મચારી દાદાને ઉપરથી નીચે સુધી જોવા લાગ્યા પછી બોલ્યા સારૂ આવો. દાદા ઓફિસમાં ગયા, બોલ્યા ડોનેશન લ્યો છો ? હા દાદા, અત્યારે તો ખુબ જરૂર છે. બોલો કેટલા રૂપિયાની રિસિપ્ટ ફાડું. દાદાએ ઝોલીમાં હાથ નાંખી ચેકબુક કાઢી ચેક લખ્યો. ચેક હાથમાં પકડતાં જ સંસ્થાનો કર્મચારી ઊભો થઈ ગયો. બે વખત મીંડાઓ ગણવા લાગ્યો. દાદા સામે જોઈ બોલ્યો, 'દાદા, આ રકમ તમે તમારી જાગૃત અવસ્થામાં લખો છો ?' તમારા પરિવારને આ બાબતની જાણ છે ? આ ચેકની રકમ બે કરોડ રૂપિયા છે, એ આપ જાણો છો ?

હા બેટા મારા પરિવારને ખબર છે અને ચેકની રકમ બે કરોડ રૂપિયા છે એ પણ હું જાણું છું. વધારે ખાતરી કરવી છે ? પણ આ ચેક સામે તમારે મને એક વચન આપવું પડશે. બોલો દાદા આ સંસ્થામાં આવતી દરેક વ્યક્તિ પીડિત હોય છે. તે કોઈ પણ ખરાબ સંજોગોના શિકાર બનેલ હોય છે. આવી વ્યક્તિઓના ફોટા પાડવા વિડીયો ઉતારવા યોગ્ય લાગે છે ? ''ના દાદા!''

આ કોઈ કીર્તિદાન નથી બેટા તેથી બસ, મારી એક નાની શરત છે. આ સંસ્થામાં ફોટો તથા વિડિયો ઉતારવાની સંદતર મનાઈ છે. આટલું બોર્ડ મારી દેજો!!

કાર્યાલયનો સ્ટાફ દાદાને હાથ જોડી બોલ્યા, ''દાદા કોઈના પહેરવેશ ઉપરથી વ્યક્તિ વિશે અનુમાન ન બાંધવુ જોઈએ અમે તમને ઓળખવામાં બહુ મોટી ભૂલ કરી!!'' દાદા, દાનની રીસીપ્ટ કોના નામે બનાવીએ ? દાદા બોલ્યા દાન નહીં બેટા ભેટ બોલ રીસીપ્ટની તો મારે જરૂર નથી છતાં પણ આપવી હોય તો મારા નામની જગ્યા એ લખ... ''પ્રભુ અર્પણમ્''

બેટા ધરતીકંપ વખતે અમે ખુબજ તકલીફમાં આવી ગયા કરેલી અને અમારી ગાડી પાટા ઉપર ચડી ગઈ. અને અમારો ધરતીકંપ પછીની નવી જિંદગીમાં સોનાનું સૂરજ ઉગ્યો. દીકરાને મહેનત કરી ભણાવ્યો ગણાવ્યો અને આજે યૂ.કે.માં સ્થાઈ થઈ ગયો છે. તમારી સંસ્થાએ કરેલી સહાયથી અમારા પરિવારમાં સોનાનું સૂરજ ઉગ્યો તેનું ઋણ હું કે મારો પરિવાર ક્યારે ચુકવી શકશું નહીં ત્યારે મનમાં નક્કી કરેલું રાખ્યું હતું કે આવનારા સમયમાં અમારો સારો સમય શરૂ થશે તો તમારી આ સંસ્થા માટે મારે કંઈ કરી છૂટવું છે અને અત્યારે આ સમય એકદમ રાઈટ છે કે ભારત દેશને છોડતા

પહેલા કંઈક આ સંસ્થા માટે જીવનનું સંભારણું મુકતો જાઉં થોડા સમય પહેલા મારી બંગલો વેચાયો તેની રકમની વ્યવસ્થા માટે મેં જ્યારે મારા પુત્ર વિશાલને લંડન ફોન કર્યો ત્યારે તેણે માત્ર એટલું જ કીધું... પપ્પા ધરતીકંપ વખતે સંસ્થા એ કરેલી મદદનું રુણ તો ક્યારે પણ ચૂકવી શકશું નહિ કેમકે જ્યારે આપણને સહાયની જરૂરત હતી ત્યારે જો આપણને કદાચ સહાય ન મળી હોત તો આજ સુધી આપણે રસ્તેજ રઝળતા હોત પપ્પા આપણો પરિવાર ધરતીકંપ વખતે બચી ગયો હતો. એ કોઈ કુદરતી સંકેત સમજી લ્યો. આપણે ન બચ્ચા હોત તો આ મિલ્કત લાવારીસ જ પડી રહી હોત... જેણે બચાવ્યા તેને અર્પણ કરી દ્યો.

જે સંસ્થાનું આપણે ખાધું હતું. તે સંસ્થાને પાછું આપી તમારૂં ઋણ ઉતારો પપ્પા ! અહીં ભગવાને મને ઘણું આપ્યું છે. પુણ્યનું ભાથું ભરી લ્યો મોડું ન કરતા. જ્યોત સે જ્યોત જલે સેવાભાવી સંસ્થાઓને મોટી રકમની ભેટ આપશું તો સંસ્થા વધારે સારી રીતે લાંબા સમય સુધી ચાલતી રહેશે.

બેટા, હવે જાત ચાલતી નથી. કાયમ માટે હું લંડન જાઉં છું. આજે આ સંસ્થાને આપેલ વચન પુરું કરી હું હળવો થઈ ગયો છું..!! અહીં આવતા દરેક વ્યક્તિ દુઃખી લાચાર અથવા કુદરતી આપત્તિનો ભોગ બનેલ હોય છે. આવી વ્યક્તિઓ સાથે માનવતાભર્યું વર્તન અને વ્યવહાર કરજો. કુદરત રૂઠી હોય ત્યારે આવી વ્યક્તિઓ સાથે મજાક ન કરાય.

ચલ બેટા.... જય જિનેન્દ્ર..!! દાદા ઉભા થયાં... સાથે આખો સ્ટાફ હાથ જોડી ઊભો થયો.

મિત્રો, મોત માટે તો કોઈ કારણ નિમિત્ત બને છે. એ તો કોઈ પણ સ્વરૂપો આવે છે. મારનાર સાથે તારણહાર ઉપર પણ વિશ્વાસ મુકવો જોઈએ. આપણી નજર હંમેશા કોઈ પણ ઘટના વખતે કેટલા મર્યા એ સંખ્યા ઉપર જ હોય છે. પણ કેટલા બચ્યાં તેની ઉપર જતી નથી. જો મારનાર માટે ઈશ્વર જવાબદાર હોય તો બચાવનાર માટે કેમ નહીં.

પરમાર્થ કરવા નીકળ્યા હો કોઈ ભૂખ્યાનું પેટ ઠારવા નીકળ્યા હોવ ત્યારે તમારા મોબાઈલથી ફોટા ન પાડતા નહિતર તમારા કપડાં જ્યારે ખેંચાશે ત્યારે પ્રભુ ફોટા પાડતો હશે.

દરેક પ્રસંગે સમાજને ચોક્કસ યાદ રાખશો કારણ કે તકલીફ હોય ત્યારે સમાજ / સંસ્થા તમારાં સાથે જ ઊભી હોય છે.

## BIODATA



### VIRAL VORA

| | | |
|---|---|---|
| **Birth Date & Time** | : | 16th December 1994, 3.07 am |
| **Place of Birth** | : | Matunga, Mumbai |
| **Height / Weight** | : | 5' 7" / 65 kgs. |
| **Educational Qualification** | : | MMS (MBA) in Marketing (MET, Mumbai)<br>B.Com (Lala Lajpatrai College of Com & Eco, Hajiali) |
| **Caste** | : | Sorath Vishashrimali Jain (Deravasi) |
| **Native Place** | : | Magharwada, Dist. Junagadh |
| **Occupation** | : | Manager, Strategy & Growth, Paytm (Vile Pale) |

***Family Details :***

| | | |
|---|---|---|
| **Father** | : | Lt. Dhanesh Shobhagchand Vora |
| **Mother** | : | Bharati Dhanesh Vora<br>M.: 9769795689 |
| **Elder Brother** | : | Vaibhav Vora, Chartered Accountant (Manager - Voltas Limited)<br>M.: 9819076114 Whatsapp 9820989081 |
| **Sister in Law** | : | Dipti Vora - Advocate<br>(MK Juris Associates) - M.: 9619584739 |

***Contact Details :***

| | | |
|---|---|---|
| **Resi. Address** | : | 601/B, Bldg. No. 31, Shiv Enclave CHS, Tilak Nagar, Chembur, Mumbai - 89 |


**Relatives Details :**

| | | |
|---|---|---|
| **Grand Parents** | : | Lt. Shri Shobhagchand Hirachand Vora<br>Lt. Smt. Prabhavati Shobhagchand Vora |
| **Mosal** | : | Lt. Shri Chimanlal Mangalji Shah<br>Native Place - Jetpur,<br>Residence - Matunga C. Rly. |

## શ્રદ્ધાંજલિ

જન્મ : ૨૯-૦૬-૧૯૫૨

મૃત્યુઃ 03-03-2023



# શ્રીમતી પ્રજ્ઞા અશ્વિન શેઠ (ઉ.વર્ષ-૭૧)

મોટી પાનેલી નિવાસી, હાલ ઘાટકોપર

તા. ૦૩-૦૩-૨૦૨૩ના અરિહંત શરણ પામેલ છે.

**Pet Name Dow**

કબૂતરની જેમ કોઈ આશા નહિ, કોઈ અપેક્ષા નહિ,
દઈને જ રાજી થવું, ક્યારેય ઉંચો અવાજ નહિ,
તમારી ગેરહાજરી ને માનવા મન આજે પણ તૈયાર નથી,
અંજલિ આપતા દિલ આજે પણ રડી પડે છે.
પરમ કૃપાળુ પરમાત્મા, પરમ શાંતિ આપે એજ પ્રાર્થના,
રડી પડે છે આંખો અમારી, દરેક પ્રસંગે ખોટ તમારી,
પળ ભરમાં છેતરી ગયા અમોને, માત્ર યાદગીરીના પુષ્પો
અને વહેતા આંસુના અભિષેક અર્પણ કરીયે છીએ.

તમારા દિવ્ય આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થાઓએજ અભિલાષા
લી.સ્વ.જશવંતી બેન અમરચંદ હેમચંદ શેઠ પરિવાર વતી,
અશ્વિન અમરચંદ શેઠ,
નિર્મિત - શેફાલી, જતીન-નીપા,
હૃદય, શ્રિયા-હિયાનના **અલવિદા, દાદી, આવજો - જય જિનેન્દ્ર**



શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ મુંબઈ સુવર્ણ જયંતી વર્ષ ઉજવી રહ્યું છે. એક બીજમાંથી આજે વટવૃક્ષ બનીને સમાજના સેંકડો પરિવારને આર્થિક, શૈક્ષણિક તથા તબીબી રાહત જેવી સામાજિક પ્રવૃત્તિઓ દ્વારા છાંયડી આપી રહ્યો છે. સમાજની દરેક વ્યક્તિના વિકાસ અને આત્મનિર્ભર થવા માટે સમાજ સતત પ્રયત્નશીલ રહે છે. પ્રમુખશ્રી કિરીટભાઈ મહેતાના ઉત્કૃષ્ટ નેતૃત્વ હેઠળ સમાજ સુવર્ણ જયંતિ નિમિત્તે એક સાંસ્કૃતિક કાર્યક્રમ ''મેઘધનુષ''નું આયોજન કરેલ છે જેમાં સમાજની વ્યક્તિઓ દ્વારા રંગબેરંગી કાર્યક્રમો રજૂ કરવામાં આવશે.

આ અંતર્ગત ગીતો, મિમિક્રી તથા સંગીત વાદ્યોનું ઓડીસન રવિવાર તા.૧૯-૦૩-૨૦૨૩ના રોજ ઝવેરબેન પોપટલાલ સભાગ્રહ ઘાટકોપર ખાતે બપોરે ૩.૦૦ કલાકે રાખવામાં આવ્યું હતું. સભ્યોનો ઉત્સાહ જોઈને શેર લોહી ચઢે એવો હતો. ફાઈનલ સિલેક્શન માટે સમાજે બહારના બે વ્યવસાયિક જજોને બોલાવ્યા હતા અને તેમણે યોગ્ય ઠરાવેલ કલાકારોને અંતિમ લીસ્ટમાં સામેલ કરવામાં આવ્યા હતા. ઑડિશન પછી નાસ્તા પાણી તથા ચા/કોફીની વ્યવસ્થા રાખવામાં આવી હતી.




નૃત્ય તથા નાટકનું ઓડીસન શનિવાર તા.૦૧-૦૪-૨૦૨૩ના રોજ માયસોર એસોસિયેશન હોલ, માટુંગા ખાતે બપોરે ૨.૦૦ કલાકે રાખવામાં આવ્યું હતું. અહીં પણ આગલા ઓડીસન જેવોજ ઉત્સાહ જોવા મળ્યો. ફાઈનલ સિલેક્શન માટે સમાજે બહારના બે વ્યવસાયિક જજોને બોલાવ્યા હતા અને તેમના દ્વારા યોગ્ય ઠરાવેલ કલાકારોને અંતિમ લીસ્ટમાં સામેલ કરવામાં આવ્યા હતા. જજો પણ કલાકારોના ઉત્સાહથી તથા તેમની મહેનતથી પ્રભાવિત થયા હતા. ઑડિશન બાદ નાસ્તા પાણી તથા ચા/કૉફીની વ્યવસ્થા રાખવામાં આવી હતી. ઓડીસનમાં ભાગ લેનાર દરેકને કાર્યક્રમનો પ્રવેશ/ભોજન પાસ આપવામાં આવ્યા હતા તેમજ અંતિમ લિસ્ટમાં સામેલ દરેક કલાકારને એક પાસ વધારાનો આપવામાં આવ્યો હતો. તે ઉપરાંત દરેક મંડળને કુટુંબની સંખ્યા અનુસાર પાસો આપવામાં આવ્યા હતા.



બંને ઑડિશનના જજોને ચાંદીની ૧૦ ગ્રામની નોટ દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું.

અંતમાં પ્રમુખશ્રીએ સહુનો આભાર વ્યક્ત કર્યો હતો અને દરેક કલાકારને સફળતા માટે શુભેચ્છા વ્યક્ત કરી હતી. અને બન્ને ઓડિશન જોતા સમાજમાં ઘણા યુવાનો આગળ નવા નવા આઈડિયા છે. ભવિષ્યમાં મોટાપાયે પ્રોગ્રામનું આયોજન થઈ શકે છે.



સમાજમાં કોઈપણ પ્રકારના આયોજન માટે સમાજના પ્રમુખ હોદ્દેદારો અને કમિટી તરફથી વ્યવસ્થિત પ્રોગ્રામનું આયોજન અને તેમની નીમેલી ટીમવર્ક સાથે સમાજના તમામ લોકોનો સાથ અને સહકાર અને તેના પછી પ્રોગ્રામ આયોજન કરવા માટેનું જોઈતું ભંડોળ હોવું જરૂરી છે અને પૂરતા ભંડોળ વગર કોઈ પણ પ્રકારનું આયોજન શક્ય નથી.

ભાઈબીજ સ્નેહ સંમેલનમાં માનનીય પ્રમુખ શ્રી કિરીટભાઈએ કરેલા મેઘધનુષ સાંસ્કૃતિક પ્રોગ્રામ અને બીજો દાંડિયા રાસનો પ્રોગ્રામ જાહેર કરતાની સાથે જ અને તેના માટે સમાજના ઘણા મહાનુભાવોએ ઉદાર દિલે ભાઈબીજના સંમેલનમાં જ ફાળાની રકમ લખાવી દીધી હતી. તે એક અડગ વિશ્વાસનું પ્રતીક દેખાડે છે. તે તમામ મહાનુભાવોનો સમાજ દિલથી ખુબ ખુબ આભાર માને છે. આવતા ૪-૫ મહિનામાં દાંડિયા રાસનો પ્રોગ્રામનું આયોજન કરેલ છે. આ બન્ને પ્રોગ્રામ ખુબજ મોટા હોવાથી સમાજને હજી ભંડોળની જરૂરિયાત છે તો તેમની માટે સમાજના દરેક મેમ્બર્સને તેમાં યથાશક્તિ રકમનો ફાળો આપવા નમ્ર વિનંતી છે. અમને ૧૦૦ ટકા ખાતરી છે કે આપ આપનો સહયોગ આપશો તેમજ આપણા બંને પ્રોગ્રામ ને ખુબજ સફળ બનાવશો.













## એપ્રિલ માસના મુખપત્રના ''સૌજન્ય દાતા''

## જીવ્યા થોડું, જીતી ગયા ઘણું

શ્રી ચુનીલાલભાઈ ગોપાલજી વસા

શ્રી ચુનીલાલભાઈનો જન્મ મજેવડી મુકામે સં.૧૯૭૪ના ભાદરવા વદી-૨ને સોમવાર તા.૯-૮-૧૯૧૮ના રોજ થયો હતો. બચપન વતન મજેવડીમાં જ વિતાવ્યું. સં.૧૯૯૪ના વૈશાખ વદ-૧૩ને શુક્રવાર તા.૨૭-૫-૧૯૩૮ના રોજ ૨૦ વર્ષની ઉંમરે મુંબઈ કમાવા આવ્યા. શરૂઆતમાં મુંબઈના શાપરીયા ડોકમાં નોકરી કરી. પણ મનમાં નિશ્ચય કર્યો હતો કે પોતાનો સ્વતંત્ર ધંધો કરી જીવનમાં આગળ વધવું. પોતાની આગવી કુશળતા, સાહસ અને બુદ્ધિશક્તિથી સૌ પ્રથમ મલાડમાં એક નાનું એવું લેથ મશીન બનાવવાનું કારખાનું શરૂ કર્યું. ત્યારબાદ અપ્રતિમ સફળતા હાંસલ કરીને કાંદિવલી (વેસ્ટ)માં જમીનનો પ્લોટ લઈને જાત-મહેનતથી દવાની ગોળીને સ્ટ્રીપમાં પેકીંગ કરવાના અતિ આધુનીક ઓટોમેટીક મશીન બનાવવાનું ચાર માળની ફેક્ટરી બનાવી જેનું તેને મે.જેમકો ચક મેન્યુ. વર્કસ નામ આપ્યું હતું.

ચુનીલાલભાઈના લગ્ન સં.૨૦૦૧ના મહાસુદ ૧૦ના તા.૨૩-૧-૧૯૪૫ના રોજ મોટી મારડ નિવાસી શ્રી કાનજી નેમચંદ શાહની સુપુત્રી નિર્મળાબેન સાથે મોટી મારડ મુકામે થયેલ હતાં. તેમના ધર્મપત્નીનો જીવનમાં ૬૮ વર્ષનો સાથ રહ્યો હતો. પરિવારમાં ત્રણ દીકરાઓ અને છ દીકરીઓ. તેમના બીજા નંબરના દીકરી વર્ષાબહેન ઉપર તેમને બહુ હેત અને પ્રેમ હતાં એટલે તેઓ તેમને ''ભગવાન'' કહેતા. અને આ ભગવાન જ તેમની જીવન પર્યંત સેવા ચાકરી કરેલ હતી.

ચુનીલાલભાઈ તા.૧૭-૪-૨૦૧૩ના રોજ વિલે પારલે (ઈ) ખાતે અરિહંત શરણ પામ્યા. તેમની યાદમાં તેમની સુપુત્રી વર્ષાબેને પુણ્યના ઘણાં શુભ કાર્યો કર્યા. ભાવનગરના પાંજરાપોળમાં ગાયોનો વાડો બંધાવ્યો અને ત્યાં પાણીનો પંપ અને મોટર મુકાવી ચોખ્ખા પાણીનું પરબ બંધાવ્યું. ભાવનગરની ગાયત્રી સોસાયટીના દેરાસરમાં સોનેરી શત્રુંજય તીર્થનો પટ અને જૂનાગઢ ગીરના નેમિનાથદાદાનો પટ બનાવડાવી પ્રતિષ્ઠા કરેલ છે. રાજકોટની શેઠ શ્રી દેવકરણ મૂળજી સૌરાષ્ટ્ર વિશાશ્રીમાળી જૈન બોર્ડિંગસમાં તક્તીઓ મુકાવવા માટે યોગદાન આપેલ છે. શ્રી શુભેચ્છક મિત્ર મંડળ - મુંબઈમાં રૂા.ત્રણ લાખનું યોગદાન અનાજ વિતરણ યોજનામાં આપેલ છે. ચૈત્ર સુદ-૭ના વાપીની બાજુના ૨૨ ઘરના ગામને દત્તક લીધેલ છે. આ રીતે તેમના સ્મરણાર્થે તેમના પરિવારને પ્રેરણા મળતી જ રહે.

### તેમના સમગ્ર પરિવાર તરફથી પ્રાર્થના

દેહનો વિલય થાય છે પરંતુ આત્માનો વિલય થતો નથી. અમારા હૃદયમાંથી આપની સ્મૃતિનો ક્યારેય વિલય થશે નહીં. આપે વિદાય લીધી, સંકેલી લીધી માયા, મહેનત કરી કમાયા, કુટુંબના વડીલ તમે, ગુમાવી અમે છત્ર છાયા. કાળે જુદા પાડ્યા ભલે પણ હૃદયે રહેશો સમાયા, એક પણ દિવસ એવો પસાર નથી થયો કે પૂજ્યશ્રી આપની યાદ ન આવી હોય.

વહી જતાં સમયના વહેણમાં એક એક પળ યાદ કરતાં આપની વસમી વિદાયને આજે બે વર્ષ વિતિ ગયા છતાં આપની સ્નેહભરી સ્મૃતિઓ અને સુસ્મરણો થકી યશસ્વી જીવનની યાદગાર પળો ક્ષણભર પણ ભુલાતી નથી. નથી થતો હજી પણ આ હૃદયને વિશ્વાસ કે તમે ઘરના ખૂણે ખૂણામાં તમારી સુવાસ, હજી થાય છે હરપળ તમારો આભાસ રહેશે તમે સદા અમારી સાથ.

જીવ્યા થોડું જીતી ગયા ઘણું, ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે. નહોતી ખબર કે આટલું વહેલું તમારે જવાનું છે, પણ આપ ગયા તે રીતે કોઈ જતુ નથી. અમારા મસ્તક પર રાખજો સદા તમારો હાથ સહ નતમસ્તકે શ્રદ્ધા સુમન આપને યાદ કરનાર પરિવારજનો :

જીવન સંગીની નિર્મળાબેન ચુનીલાલ વસા, પુત્રો-પુત્રવધુઓ, દીકરીઓ-જમાઈઓ, હ.: વર્ષાબેન ચુનીલાલ વસા.

ચુનીલાલભાઈ તેમના પરિવારની ઉત્કૃષ્ટ સેવા બદલ તેમનું જીવન તેમના પરિવાર માટે દિવાદાંડી સમ બની રહેશે તેમજ શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ - મુંબઈ તેમના પરિવારજનોના જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભ-ભાવના.

## અગિયારમી પુણ્યતિથીએ શ્રદ્ધાંજલિ
❖ માતૃદેવો ભવ: ❖

: જન્મ :
૧૬-૨-૧૯૪૬



: સ્વર્ગવાસ :
૧૬-૪-૨૦૧૨

## હંસાબેન ધનસુખલાલ વસા

**મૂળ વતન : વંથલી (સોરઠ) હાલ : વસઈ**

❖

**અમારા જીવનજ્યોતિ, અમારા કુટુંબની ઉદ્ધારક,**
**તું હતી તો ઘર ખરેખર ઘર હતું,**
**આંગણે એક મીઠું સરોવર હતું. ફાયદો-નુકસાનનો હિસાબ શાનો!**
**તારું બસ હોવાપણું સરભર હતું.**
**''તમે ધૂપસળી જેવું જીવન જીવી ગયા, સુગંધ જેની ચૌતરફ મૂકતા ગયા.''**
**આપના પુણ્યાત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમશાંતિ અર્પે**
**તેમજ આપના શુભ આશીર્વાદ અમારી સાથે રહે**
**તેવી અમારી અંત:કરણ પૂર્વકની પ્રાર્થના!!!**

**સ્વ. ધનસુખલાલ પ્રભુદાસ વસા**
**રોહિત – અમીત**
**શ્રી જગજીવનદાસ અભેચંદ ધોળકીયા (માખીયાળા) પરિવાર**

એ-૧૦૬, શ્રુતિ સી-૬, દિવાન હાઉસીંગ એન્કલેવ, એવરસાઈન સીટી,
વસઈ (ઈસ્ટ), ૪૦૧૨૦૮. મો.: ૯૨૨૧૨ ૩૨૩૭૦
Email : rohit_vasa@hotmail.com

Kayami - April

## બારમી પુણ્યતિથીએ શ્રદ્ધાંજલિ



# સ્વ. અમીચંદભાઈ જીવનભાઈ વોરા

**જન્મ : તા.૩૧-૧-૧૯૨૯ ❖ સ્વર્ગવાસ : તા.૨૧-૪-૨૦૧૧**

''તમે ધૂપસળી જેવું જીવન જીવી ગયા;
સુગંધ જેની ચો-તરફ મૂકતા ગયા''
સુખને છલકાવ્યું નહીં, દુ:ખને દેખાડયું નહીં,
જીવન તમે એવું જીવ્યા, ભૂલ્યું ભૂલાય નહીં.
સુગંધ આપના સ્નેહની પ્રસરતી રહેશે,
વસ્યા છો દૂર છતાં, કૃપા આપની વરસતી રહેશે.

**આપના પાવન આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમશાંતિ આપે તેમજ આપના આશીર્વાદ હંમેશ અમારી સાથે રહે તેવી અમારી અંત:કરણપૂર્વકની પ્રાર્થના...!!**

**લિ.કંચનબેન અમીચંદભાઈ વોરા**
**સ્વ. સંજય અમીચંદભાઈ વોરા**
**સ્વ. પરેશ અમીચંદભાઈ વોરા**

**શ્રી જીવનભાઈ લક્ષ્મીચંદ વોરા પરિવાર**

Kayami - April

## ધન-પદ-સત્તા અને પ્રતિષ્ઠા : આ પણ એક નશો છે, થોડી વાર મજા આવે પણ તેનું ઘેન માથા પર ચડવા ન દેવાય

❑ મહેન્દ્ર પુનાતર

આ દુનિયામાં માણસને બે વસ્તુઓનો અતિ મોહ હોય છે. એક ધન અને બીજું કીર્તિ. આ બંને વસ્તુ મેળવવા માણસ બનતું બધું કરી છૂટે છે. જેને મહેનત વગર જલ્દીથી આ બધું મળી જાય અને જેને સખત મહેનત અને મથામણ કરવા છતાં ન મળે એ બંને માટે આ બાબત અવરોધરૂપ બને છે. એકને આનો મદ અને નશો ચડે છે અને બીજો હતાશા, નિરાશામાં ધકેલાઈ જાય છે. જેની પાસે ધન આવે છે તેને મોટા થવાનો અને કીર્તિ પ્રાપ્ત કરવાનો ચસકો લાગે છે. એ વખત આ બધું મળે પછી તેનો મોહ જતો નથી. માન ન મળે, ઉચિત સ્વાગત ન થાય કે ઉંચા આસને બેસવા ન મળે તો તેનાથી સહેવાતું નથી દિલમાં ઘા લાગે છે.

ધન, પદ, પ્રતિષ્ઠા અને માન મોભા માટે સૌ કોઈ ઝંખે છે. માણસને ધન પ્રાપ્ત કર્યા પછી આ ઝંખના સવિશેષ જાગે છે જો આ બધું ન મળે તો ધન વ્યર્થ બની ગયાનું લાગે છે. માણસ બધું છોડી શકે પણ આ મોહ છુટતો નથી. ધન સાથેનું આ વળગણ છે. ઈચ્છા અપેક્ષા અને લાલસા અનેક દુઃખો સર્જે છે. આમ છતાં દુનિયા આ બધી વસ્તુઓ પાછળ પાગળ છે ધન અને કીર્તિને જીરવાનું, ટકાવી રાખવાનું મુશ્કેલ છે. માણસને સેવા અને શુભ કાર્યો દ્વારા જે માન મળે છે તે લાંબો સમય ટકી રહે છે પરંતુ ધન સાથે જે માન આવે છે તે ધન ચાલ્યું જતા ટકી શકતું નથી. હકૂમત અને સત્તા દ્વારા મળેલું માન હોદ્દો હોય ત્યાં સુધી જ ટકે છે. માણસ એક વખત ખુરશી પરથી ઉતરી જાય પછી તેનો કોઈ ભાવ પૂછતું નથી.

ધન, કિર્તી અને પ્રસિદ્ધિનો મોહ માણસને સહજપણે અને સ્વાભાવિક રીતે વર્તવા દેતો નથી. દંભ અને દેખાવ વધે છે. અને પોતે બીજાના કરતા ચડિયાતો અને સવિશેષ છે એમ માનવા લાગે છે. કુવામાંના દેડકા જેવી આ પરિસ્થિતિથી છે. બહાર નજર કરતા નથી એટલે આપણને લાગે છે દુનિયા આપણી મુઠ્ઠીમાં છે. આપણે આપણા નાના વર્તુળોમાં કોલર ઊંચા રાખીને કરીએ છીએ અને લોકો સલામ ભરે છે. એટલે ફુલાઈ જઈને માનવા લાગીએ છીએ કે આપણે સર્વશ્રેષ્ઠ છીએ. મોટા દવાખાના દંભમાં માણસ કેટલીક વખત એવી હરકતો કરતો હોય છે જે તેને શોભા આપતી નથી. બધા પૈસાથી અંજાઈ જાય છે એટલે સાચું કહે કોણ ? અને આ પ્રકારના માણસોને સાચુ સાંભળવું પણ ગમતું નથી. સમાજમાં કેટલાક લોકો હંમેશા કહેતા હોય છે ભાઈ આપણને ખુરશીનો મોહ નથી. આપણને હોદો જોઈતો નથી. આપણે તો લોકોનું સારૂં કરવું છે, સેવા કરવી છે. પરંતુ હકીકતમાં તેને આગ્રહ કરીને હોદ્દા પર બેસાડો નહીં ત્યાં સુધી તેઓ સહાય કરતા નથી કે કામ કરતા નથી. નાના અને મોટા બંનેને હોદ્દાનો મોહ હોય છે. કેટલાક આ માટે વલખા મારે છે અને બીજા કેટલાકને આગ્રહ કરીને હોદ્દા પર બેસાડવા પડે છે. સંસ્થાઓને પણ આવા શોભાના કાગરાઓની જરૂર હોય છે. કેટલાક માણસોને હોદ્દો અને માનપાન વગર ફાવતું નથી, કેટલાક માણસો સેવાની વાત કરીને સિફ્તપૂર્વક હોદ્દો છીનવી લે છે. કેટલાકને સહજ આગ્રહ થાય તો સ્ટેજ પર ચડી બેસે છે. કેટલાક માઈક પર ચીટકી રહે છે તો કેટલાક માઈક ઝૂંટવી લે છે અને બોલતા આવડે કે ના આવડે ભરડતા રહે છે આ બધા પાછળ માણસને બહાર દેખાવું છે. પોતે કાંઈક છે એવું પ્રદર્શિત કરવું છે. કેટલાક લોકો નાનું એવું બિરુદ્ધ મળે કે સંસ્થાનો કહેવાતો એવોર્ડ મળે તો ગામ ગજવી નાખે છે. જાણે કે ભારત રત્નનો એવોર્ડ મળ્યો હોય.

જુદા જુદા સમાજોમાં આવી જૂઠી શાન, શોભા અને શોહરતનું ઘેલું લાગ્યું છે. આપણે એકબીજાની વધુ પડતી ખુશામત કરતા થઈ ગયા છીએ. પ્રશંસા અને ખુશામત વચ્ચે વાળ જેટલું અંતર હોય છે. જુદી જુદી સંસ્થાઓ સન્માન સમારંભો યોજીને ઈલકાબો અને એવોર્ડને લહાણી કરતી હોય છે. તેનું કોઈ ચોક્કસ ધોરણ હોતું નથી. આમાં એવોર્ડ લેનાર અને દેનાર બંનેની ગરિમા જળવાતી નથી. યુવકરત્ન, સમાજરત્ન, સમાજભૂષણ, સમાજ શિરોમણી વગેરે અનેક જાતના બિરુદો પાનબીડાની જેમ અપાતા હોય છે. આવા પ્રસંગોએ રાજકારણીઓને પણ આમંત્રણ અપાતા હોય છે. આ માત્ર સસ્તી પ્રસિદ્ધિ છે. નવા ઊગીને ઉભા થયેલા અને બે પૈસા કમાયેલા લોકોને પૈસાના જોરે થોડા મોટા માણસો વચ્ચે બેસવા મળે એટલે તેમને એમ લાગે છે કે જીવન ધન્ય થઈ ગયું. સમારંભોમાં પ્રમુખ, અતિથિ વિશેષ, માનવંતા મહેમાન વગેરે સ્થાનો માટે પણ કિંમત ચૂકવવી પડે છે.

આવા સમારંભો તેમના હિસાબે અને જોખમે યોજતા હોય છે. સમાજનાં મોટા માણસો પણ એ સમજી શકતા નથી કે આ એવોર્ડનું મૂલ્ય શું છે ? માન મળતું હોય તો આવું બધું વિચારવાનો કોને ફૂરસદ છે ?

આજકાલ લોકોને પોતાનું સ્ટેટસ અને મોભો જળવાઈ રહે તેની બહુ ચિંતા હોય છે. તેમની નજર બીજા તરફ હોય છે. પોતાને શું ગમે છે તેના કરતાં લોકો શું કહેશે, લોકો શું ધારશે તેની વધુ દહેશત હોય છે. આ બધું જાળવવા માણસે દોડવું પડે છે. કોઈ આગળ નીકળી જાય તો જલન થાય છે. પ્રતિષ્ઠાનું આ જગત થકવી નાખે છે. તેમાં ઉંચે ગયા પછી ફંગોળાઈ જતા વાર લાગતી નથી. માણસ સારો હોય કે ન હોય પણ તેને બીજા કરતાં વધુ સારા દેખાવું છે.

અગાઉ ધનિકો અને ગર્ભશ્રીમંતો એકદમ નોખા તારી આવતા હતા પૈસાની સાથે ઠાવકાઈ હતી. હવે એવું રહ્યું નથી. માણસનો દેખાવ જોઈને તેનું સાચું માપ નીકળતું નથી. બધું આભાસી બની ગયું છે. પહેલા પૈસાદાર માણસોને ઓળખવા બહુ સહેલા હતા. ''એક નૂર આદમી, હજાર નૂર કપડા'' જેવો ઘાટ હતો. પુરુષના કપડામાં અને મહિલાઓના અલંકારમાં તેમની શ્રીમંતાઈ છલકી ઉઠતી હતી. આજે એવું રહ્યું નથી. સ્ટેટસ સિમ્બોલ માટે હવે કપડા ઘરેણાનું મહત્વ રહ્યું નથી. એવી જ રીતે વિદેશ ફરવા જવાનું, મોટી મોટી કલબોના સભ્ય બનવાનું. લગ્ન કે બીજા પ્રસંગોએ ધામધૂમ અને લખલુટ ખર્ચાઓ કરવાની બાબત પણ મોભાનું પ્રતિક રહી નથી. સામાન્ય મોટરકાર, મોંઘા મોબાઈલ ફોન કે બે ત્રણ બેડરૂમના ફ્લેટોની કોઈ વિસાત નથી. આ બધું મોટાભાગના લોકોની પહોંચમાં આવી ગયું છે. ફાર્મહાઉસ કે હિલ સ્ટેશન પર બંગલો અને થોડા મોંઘા પેઈન્ટિંગો અને કલાકૃતિની ચીજો અંગે તમે થોડો ગર્વ અનુભવી શકો. મોટા પત્રકારો, તંત્રીઓ, સંગીતકારો અને કલાના ક્ષેત્રમાં રહેલી વ્યક્તિઓ સાથેના સંબંધોથી થોડીક પ્રસિદ્ધિ મળી શકે. રાજકારણીઓ, નેતાઓ અને ''ભાઈઓ'' સાથે સંબંધો રાખવાથી મોભો વધે છે પણ તેને મોટી કિંમત ચૂકવવી પડે છે. સાધુ, સંતો, મહંતો અને બાબઓ ફરતે રહેવામાં વાંધો નથી. આમાં પૈસા સિવાય બીજું કશું નુકસાન નથી. દરેક વસ્તુની મર્યાદા છે. ધન આવે ત્યારે કૂદકા મારવાની જરૂર નથી. માણસે ધન, પદ અને સત્તા મળ્યા પછી નમ્ર બનવું જોઈએ. વૃક્ષને જ્યારે ફળ આવે છે ત્યારે તે ઝૂકી જાય છે. જે લોકો સત્કાર્યો અને નિષ્ઠાપૂર્વક સેવા કરે છે અને બીજાને સહાયભૂત થતા રહે છે. તેમની સુગંધ ચોમેર પ્રસરે છે. તેમને ઢોલ નગારા વગાડવા પડતા નથી. અધૂરા ઘડા વધુ છલકાતા હોય છે. સાચા અને સારા માણસોને છીપના મોતીની જેમ શોધવા પડે છે. ઢંઢેરો પીટવાવાળા માણસો ઢેઢે પિટાતા હોય છે.

સફળતા, માન-ચાંદ, કીર્તિ-પ્રસિદ્ધિ કે લોકપ્રિયતા મળે તો ફુલાવાની જરૂર નથી. મળે તો નમ્રતાભાવે સ્વીકારી લેવું. ન મળે તો હતાશ કે નિરાશ થવાની બિલકુલ જરૂર નથી. આ કોઈ એવી જડીબુટ્ટી નથી કે તેના વગર જીવી ન શકાય. આ એક નશો છે. થોડીવાર મજા આવે છે. તેનું ઘેન ચડવા ન દેવાય. આપણે આપણા સાધનોમાં આનંદથી મોજથી રહી શકીએ તો એના જેવું બીજું કોઈ સુખ નથી. માથે ભાર લઈને ફરવાથી કશું વળવાનું નથી. આ બધું હોય કે ન હોય શું ફરક પડવાનો છે. આ બધુ કાયમના માટે થોડું રહેવાનું છે. જૂઠી શાન શોભાનો મતલબ પણ શું છે ? છેવટે તો બધું માટીમાં મળી જવાનું છે. આ અંગે કુતુબ ''આઝાદ''ની એક રચના...

સહુને એક દિ' માટીમાં મળી જવાનું છે, ઢળે છે સંધ્યા એમ ઢળી જવાનું છે. યુવાની એટલે ટટ્ટાર ચાલવાનું છે, બુઢાપો એટલે વાંકા વળી જવાનું છે.

રાજ, તાજની પાછળ હરાજ થાઓમા,
બરફની જેમ બધું ઓગળી જવાનું છે,
હતા મહેલ ત્યાં આજે ખંડેર ઊભા છે,
બરાબર એ જ રીતે ખળભળી જવાનું છે..

## નવા સરનામા

**SHRI PARAGBHAI CHANDRAKANT PAREKH**
TOWER-1, GREEN RIDGE CHSL, CHIKU WADI,
BEHIND PAHADI EKSAR METRO STATIONN,
BORIVALI (WEST)
MUMBAI-400 092 (MAHARASHTRA),

**AJIT KANTILAL SANGHAVI**
FLAT NO-/ I-03-08 , ASHTAPAD PHASE NO-2,
BAL GRUH ROAD ODD LAM ROAD,
OPP: PANBAI SANOTARIUM,
NASHIK-422401 MO: 09818014314

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મંડળ (બોરીવલી)

નંબર ______

**શ્રીમતી સમજુબેન ગિરધરલાલ વોરા કાર્યાલય**

બી / ૧૮, શીંપોલી દર્શન કો. ઓ. હા. સોસાયટી, પ્લોટ નં. ૭૧૪,
દળવીનગર પાસે, બોરીવલી (વે.), મુંબઇ – ૪૦૦ ૦૯૨.

**વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીનું નામ / પિતાશ્રીનું નામ**

૧. ______________________ ધોરણ ______

૨. ______________________ ધોરણ ______

૩. ______________________ ધોરણ ______

મુળ વતન : ______

વડિલનું પુરૂં નામ અને સરનામું : ______

મોબાઇલ / ફોન નં.:

## સહયોગી દાતાઓ

- ❋ શ્રી ગીરધરલાલ જીવણલાલ વોરા ચેરીટેબલ ટ્રસ્ટ
- ❋ શ્રી નરોત્તમદાસ જીવણલાલ વોરા ચેરીટેબલ ટ્રસ્ટ
- ❋ શ્રી નંદલાલ ઝવેરચંદ વોરા મેમોરીયલ ટ્રસ્ટ
- ❋ શ્રીમતિ પુષ્પાબેન ભૂપતભાઇ મગનલાલ રામાણી પરિવાર
- ❋ શ્રી ભગવાનજી ઝીણાભાઇ મહેતા પરિવાર
- ❋ માતુશ્રી ચંપાબેન જયંતિલાલ દોશી પરિવાર
- ❋ શ્રી ગુલાબચંદ દેવચંદ મહેતા પરિવાર
- ❋ માતુશ્રી જયાબેન શાંતિલાલ શાહ (ધોરાજી)
- ❋ માતુશ્રી શાંતાબેન અમૃતલાલ મહેતા પરિવાર
- ❋ માતુશ્રી કસુંબાબેન લાલચંદ રામાણી પરિવાર
- ❋ શ્રીમતિ જસવંતીબેન ઝવેરીલાલ વિઠ્ઠલજી કોરડીયા પરિવાર

| વિગત | ૧ નંગનો ભાવ | કુલ નંગ | રકમ રૂા. |
|---|---|---|---|
| ફુલ સ્કેપ ૧૭૨ પાના | ૨૦.૦૦ | | |
| A/4 સાઇઝ ૧૬૦ પાના | ૩૦.૦૦ | | |
| વોટર કલર | ૫૦.૦૦ | | |
| કંપાસ(જોમેટ્રી બોક્ષ) | ૬૫.૦૦ | | |
| બોલ પેન સેટ (૪ નંગ) | ૨૦.૦૦ | | |
| પેન્સિલ બોક્સ | ૨૫.૦૦ | | |
| ક્રેયોન્સ કલર (ધોરણ ૧ થી ૪) | ૩૦.૦૦ | | |
| ગમ સ્ટીક | ૨૦.૦૦ | | |
| પ્લાસ્ટીક કંપાસ (ધોરણ ૧ થી ૬) | ૫૦.૦૦ | | |
| સ્ટેપલર | ૩૦.૦૦ | | |
| સહી | | કુલ રૂા. | |

## વિતરણ સ્થળ :

☐ **શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મંડળ – બોરીવલી**
**શ્રીમતી સમજુબેન ગિરધરલાલ વોરા કાર્યાલય**
એસ.જે. એન્ટરપ્રાઇઝ, ૧૧૦–એ, ૧ લે માળે, દત્તાણી ટ્રેડ સેન્ટર.
ચંદાવરકર રોડ, બોરીવલી (વે.), મો. : ૯૮૨૧૧૪૭૧૭૭
વિતરણ તા. ૪–૬–૨૦૨૩ સવારે ૯ થી ૧

☐ **શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન જાગૃતિ મંડળ**
**હર્ષદભાઈ વોરા – ૮૭૯૩૭૨૬૯૮૩**
અરિહંત ફરસાણ, ૮ આત્મ વલ્લભ બિલ્ડીગ, આચોલે રોડ,
નાલાસોપારા (ઈસ્ટ). વિતરણ તા. ૪–૬–૨૦૨૩ સવારે ૧૦ થી ૧

☐ **શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મંડળ, ભાયંદર**
**જયેશ વસા – ૯૮૩૩૪૫૨૧૧૦**
**ધવલ ભણશાલી – ૯૬૯૯૧૨૨૫૦૫**
વસા પેકેજીંગ, ૯૦ ફીટ રોડ, રજીસ્ટ્રાર ઓફીસ સામે, ભાયંદર (વે).
વિતરણ તા. ૪–૬–૨૦૨૩ સવારે ૯ થી ૧

૧. ધોરણ ૧ થી ૪ (૧) ૩૦ નોટબુક (૨) પેન્સીલ બોક્સ–૨ (૩) વોટરકલર –૧ (૪) ક્રેયોન કલરબોક્સ –૧ (૫) ગમસ્ટીક–૧ , (૬) સ્ટેપલર–૧ મળશે.
૨. ધોરણ ૫ થી ઉપર (૧) નોટબુક નંગ ૩૦ (૨) જોમેટ્રી બોક્સ નંગ ૧ (૩) બોલપેન સેટ–૧ (૪) પેન્સીલ બોક્સ–૨ (૫) ગમસ્ટીક–૧, (૬) સ્ટેપલર–૧ મળશે.
૩. ઉપરોક્ત ફોર્મની કોપી પ્રિન્ટ કરી સંપૂર્ણ વિગત ભરીને આપના સ્થાનિક મંડળને શનિવાર, તા. ૨૦–૫–૨૦૨૩સુધીમાં મોકલી આપવી.
૪. ઉપરોક્ત વસ્તુઓ દરેક સેન્ટર નાં દર્શાવેલ વિતરણ સ્થળ અને સમય અનુસાર મળશે.
૫. મુંબઇમાં વસતા સમાજના દરેક કુટુંબ પોતાના બાળકો માટે આ નોટબુક વિતરણ યોજનાનો લાભ લઇ શકે છે.

| | | |
|---|---|---|
| *શ્રી વિનોદભાઈ બી. મહેતા*<br>*૯૮૩૩૫૦૦૫૦૮* | *શ્રી જયેશભાઈ સી. દોશી (સેક્રેટરી)*<br>*૯૮૨૧૧૪૭૧૭૭* | *શ્રી સંજયભાઈ ડી. મહેતા (સેક્રેટરી)*<br>*૯૮૨૦૦૯૯૦૭૧* |

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મિત્ર મંડળ- ઘાટકોપર

સી–૧૮, ભગત એસ્ટેટ, વલ્લભબાગ લેન, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૭૭.

## સ્વ. શ્રી હરકીશન તારાચંદ મહેતા બુક બેંક યોજના

નંબર :

## અરજી પત્રક

માનનીય મંત્રી શ્રી,

હું નીચે સહી કરનાર ______________________________

મારા બાળક / બાળકોના અભ્યાસાર્થે આપની બુક બેંક યોજના અન્વયે પાઠ્ય પુસ્તકો માટે અરજી કરું છું. આપની યોજનાની વિગતો મેં જાણી છે અને તે અંગેની શરતો મંજૂર છે.

| વિદ્યાર્થીનું પુરૂ નામ | ધોરણ | માધ્યમ : ગુજરાતી / અંગ્રેજી |
|---|---|---|
| | | |
| | | |
| | | |

સંપૂર્ણ સરનામું : ______________________________

______________________________

ફોન નં. / મોબાઈલ નં. ______________________________ વસ્તી પત્રક ક્રમાંક : ______________

પુસ્તકોની રકમ અમો ☐ ઘાટકોપર ☐ બોરીવલી ☐ ભાયંદર ☐ નાલાસોપારા સ્થળેથી લઈશું.

આભાર, આપનો વિશ્વાસુ

(અરજદારની સહી)

### અગત્યના સૂચનો

૧. આ યોજના ધોરણ ૧ થી બી.એ., બી.કોમ., બી.એસસી. સુધીના તમામ વિદ્યાર્થીઓ માટે છે.
૨. આ ફોર્મ સાથે પરિણામની નકલ તથા પાઠ્યપુસ્કોનું લીસ્ટ મોકલવું અનિવાર્ય છે.
૩. ઉપરોક્ત ફોર્મની કોપી પ્રિન્ટ કરી સંપૂર્ણ વિગત ભરીને આપના સ્થાનિક મંડળને શનિવાર તા. ૨૦–૫–૨૦૨૩ સુધીમાં મોકલી આપવી.
૪. પરિણામ ન આવ્યા હોય તેમણે પણ અરજી તા. ૨૦–૫–૨૦૨૩ સુધીમાં મોકલવી જરૂરી છે.
૫. ધોરણ ૧ થી ૭ વિદ્યાર્થીઓને જ પાઠ્ય પુસ્તક સાથે વર્ક બુકની રકમ આપવામાં આવશે.
૬. પુસ્તકોની રકમ લેવા આવતી વખતે નીચેની કાપલી લાવવી અનિવાર્ય છે.

### પુસ્તકની રકમનું વિતરણ સ્થળ : રવિવાર, તા. ૪-૬-૨૦૨૩ સમય સવારે ૧૦ થી ૧૨

**શ્રી સો. વિ. જૈન મિત્ર મંડળ-ઘાટકોપર :** સી–૧૮, ભગત એસ્ટેટ, વલ્લભબાગ લેન, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૭૭. સવારે ૧૦ થી ૧૨

**શ્રી સો. વિ. જૈન મંડળ-બોરીવલી :** એસ.જે. એન્ટરપ્રાઈઝ, ૧૧૦–એ, ૧ લે માળે, દત્તાણી ટ્રેડ સેન્ટર. ચંદાવરકર રોડ, બોરીવલી (વે.), સવારે ૯ થી ૧

**શ્રી સો. વિ. જૈન મંડળ-ભાયંદર :** વસા પેકેજીંગ, ૯૦ ફીટ રોડ, રજીસ્ટ્રાર ઓફીસ સામે, ભાયંદર (વે). સવારે ૯ થી ૧

**શ્રી સો. વિશાશ્રીમાળી જૈન જાગૃતિ મંડળ :** અરિહંત ફરસાણ માર્ટ, ૮, આત્મ વલ્લભ બિલ્ડીંગ, આચોલે રોડ, નાલાસોપારા (ઈ). સવારે ૧૦ થી ૧

વધુ જાણકારી માટે સંપર્ક : શ્રી પરિમલભાઈ મનસુખલાલ ભિમાણી - ૯૮૯૨૫૯૭૯૯૬

---

નામ : ______________________________

ફોર્મ નં. :

ફેમીલી નં. :

આ કાપલી લાવનારને પાઠ્ય પુસ્તકોની રકમ આપશોજી.

અરજદારની સહી.

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મિત્ર મંડળ (કાંદીવલી)

(P.T.R. No. A-3625 (Bom) Dt. 6-11-84
C/o. **શ્રી શૈલેષ વૃજલાલ વોરા**
ડી-૪૦૧, પંચમ એપાર્ટમેન્ટ, ઈરાની વાડી નં.૨, કાંદીવલી (પશ્ચિમ),
મુંબઈ - ૪૦૦૦૬૭. મોબાઈલ : ૯૮૨૧૦૪૫૪૨૨

જય જિનેન્દ્ર, સહ સાદર પ્રણામ,

સુશિક્ષીત સમાજના ઘડતર માટેની જરૂરીયાત અનુલક્ષીને અમારા ઉપરોક્ત મંડળ દ્વારા નર્સરી થી ધોરણ ૧૦ સુધી અભ્યાસ કરતા દરેક વિદ્યાર્થી/વિદ્યાર્થીનીને બે ગણવેશ મંડળે નક્કી કરેલ કિંમતની ૫૦% રકમ રાહત દરે આપવામાં આવે છે. સમાજના ભાઈઓને લાભકર્તા યોજના ૩૦ વર્ષમાં પ્રવેશ કરે છે. અને પ્રતિ વર્ષે તેને પ્રોત્સાહક સફળતા મળી રહી છે. અમારી આ સમાજોપયોગી સફળતામાં અમારા કાર્યને વધાવતા ઉદારચિત-દિલેર દાતાઓનો પણ પ્રશંસક સાથ રહ્યો છે. અને નીચેના કાયમી દાતા પરિવારો સન ૨૦૨૩નો સંપૂર્ણ ખર્ચ ઉપાડીને અમોને પ્રોત્સાહિત કરેલ છે.

''સન ૨૦૨૩ના દાતા પરિવારો''

**મુખ્ય દાતા : શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા પરિવાર**

**સહયોગી દાતા :**

**(૧) શ્રી જીવનલાલ વીરચંદ મહેતા પરિવાર**
**(૨) શ્રી નરોત્તમદાસ જીવનભાઈ વોરા પરિવાર**
**(૩) શ્રી ગીરધરલાલ જીવનભાઈ વોરા પરિવાર**
**(૪) શ્રી માણેકલાલ ઝવેરચંદ વસા પરિવાર**
**(૫) શ્રીમતી સુશીલાબેન હરસુખભાઈ ધ્રુવ પરિવાર**
**(૬) શ્રી વસંતલાલ ફુલચંદ તથા પુષ્પાબેન વસંતલાલ કોરડીયા પરિવાર**
**(૭) શ્રી નંદલાલ ઝવેરચંદ વોરા મેમોરીયલ ટ્રસ્ટ**
**(૮) શ્રી પ્રભુદાસ લીલાધર સંઘવી પરિવાર, હ.: શ્રી રમેશભાઈ સંઘવી**
**(૯) શ્રીમતી મંજુલાબેન કાંતિલાલ ધરમશી પારેખ પરિવાર**

ઉપરોક્ત સર્વે દાતાઓનું મંડળ ઘણું જ આભારી છે. આજની આ મોંઘવારીમાં દરેક કુટુંબને રાહતનો શ્વાસ દર્શાવતી આ યોજનામાં કોઈપણ દાતા યથાશક્તિ દાન આપી ભાગ લઈ શકે છે.

**નોંધ : મંડળ ઈન્કમટેક્ષ રાહત ધારા હેઠળનું સર્ટીફીકેટ ધરાવે છે.**

**શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મિત્ર મંડળ (કાંદીવલી) - કારોબારી સમિતી**

## નિયમો :

૧. દરેક વિગત ગુજરાતીમાં સ્પષ્ટ અક્ષરોમાં લખવી. અધુરી વિગતવાળું અરજીપત્રક રદ્દ ગણાશે.
૨. આ ફોર્મ સાથે છેલ્લી વાર્ષિક પરિણામની નકલ તથા ગણવેશ ખરીદીનું બીલ આપવું જરૂરી છે.
૩. અરજીપત્રક સ્વીકારવાના સ્થળ :

❖ શ્રી શૈલેષ વી.વોરા
ડી-૪૦૧, પંચમ એપાર્ટ.,
ઈરાની વાડી નં.૨,
કાંદીવલી (પ), મુંબઈ-૬૬૭

❖ શ્રી મનસુખલાલ એચ. ભીમાણી
ભીમાણી જ્વેલર્સ, શોપ નં.૧,
જલારામ નગર નં.૩, વલ્લભબાગ લેન,
ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૭૭

❖ શ્રી સોરઠ વિ. જૈન સમાજ - મુંબઈ
શ્રી તારાચંદ ધનજી મહેતા કાર્યાલય, ,
દેવકરણ મેન્શન, રજે માળે, બિલ્ડીંગ ૭,
વિઠ્ઠલદાસ રોડ, મુંબઈ-૪૦૦૦૦૨.

❖ શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મંડળ (ભાયંદર)
વસા પેકેજીંગ, ૯૦ ફીટ રોડ,
રજીસ્ટ્રાર ઓફીસની સામે, ભાયંદર (વેસ્ટ)

❖ શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન જાગૃતિ મંડળ
અરિહંત ફરસાણ માર્ટ, ૧૨ આત્મવલ્લભ બીલ્ડીંગ,
આચોલે રોડ, નાલાસોપારા (ઈસ્ટ)

૪. અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તા.૨૫-૫-૨૦૨૩ છે. ત્યારબાદ ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. કુરીયર/પોસ્ટ મારફત મોકલનારે અગાઉથી મોકલવા વિનંતી.

૫. ગણવેશ યોજના નક્કી કરેલા દર : **નર્સરી થી ધોરણ ૧૦ - રૂ.૨૦૦૦/- પ્રતિ ગણવેશ**

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મિત્ર મંડળ (કાંદીવલી)

(P.T.R. No. A-3625 (Bom) Dt. 6-11-84

C/o. **શ્રી શૈલેષ વૃજલાલ વોરા**

ડી-૪૦૧, પંચમ એપાર્ટમેન્ટ, ઈરાની વાડી નં.૨, કાંદીવલી (પશ્ચિમ),

મુંબઈ - ૪૦૦૦૬૭. મોબાઈલ : ૯૮૨૧૦૪૫૪૨૨

## ''યુનીફોર્મ યોજના - જુન ૨૦૨૩''

માનનીય મંત્રી શ્રી,

હું અરજી કરનાર ................................... મુળ વતન .........................................

મારા બાળક / બાળકોના અભ્યાસાર્થે આપની ગણવેશ યોજના માટે અરજી કરું છું

આપની યોજનાના નિયમો મેં વાંચ્યા છે તે મને મંજુર છે.

| વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓનું નામ | ઉંમર | બાળક સાથેનો સંબંધ | ધોરણ | માધ્યમ |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |

ઘરનું સરનામું

મોબાઈલ :

ધંધો/નોકરીનું સરનામું

મોબાઈલ :

શાળાનું નામ

હું ખાત્રીપુર્વક જણાવું છું, ઉપર જણાવેલી બધી વિગતો સાચી છે.

પિતા/વાલીની સહી

૬. ગણવેશ યોજનાની રકમ તમને કયા સ્થળેથી સુલભ થશે. (✓ કરો)

**બોરીવલી**
શ્રી સોરઠ વિ.જૈન મંડળ
એસ.જે.એન્ટરપ્રાઈઝ,
૧૧૦-એ, ૧લે માળે,
દત્તાણી ટ્રેડ સેન્ટર,
ચંદાવરકર રોડ, બોરીવલી (વે)
મો. : ૯૮૨૧૧૪૭૧૭૭
**સમય : સવારે ૯ થી ૧**

**ઘાટકોપર**
શ્રી સો.વિ.જૈન મિ.મંડળ
સી/૧૮, ભગત એસ્ટેટ,
વલ્લભબાગ લેન,
ઘાટકોપર (પૂર્વ),
મુંબઈ - ૪૦૦૦૭૭.
**સમય : સવારે ૧૦ થી ૧**

**ભાયંદર**
શ્રી સો.વિ.જૈન મંડળ
વસા પેકેજીંગ, ૯૦ ફીટ રોડ,
રજીસ્ટ્રાર ઓફીસ સામે,
ભાયંદર (વેસ્ટ)
**સમય : સવારે ૯ થી ૧**

**નાલાસોપારા**
શ્રી સો.વિશાશ્રીમાળી જૈન જાગૃતિ મંડળ
અરિહંત ફરસાણ માર્ટ, ૮ આત્મવલ્લભ
બીલ્ડીંગ, આચોલે રોડ,
નાલાસોપારા (ઈ)
**સમય : સવારે ૧૦ થી ૧**

૭. ગણવેશ માટેની નક્કી કરેલી કિંમત ઉપરોક્ત સ્થળોએ રવિવાર તા.૪-૬-૨૦૨૩ ઉપરોક્ત આપેલ સમયે મળશે.

૮. અરજી બાબતના હક્ક સંસ્થા અબાધિત રાખે છે.

હું સહી કરનાર સરનામું

મારા બાળક/બાળકોના ગણવેશ માટે ઉપરોક્ત સંસ્થા તરફથી રૂપિયા............................ (અંકે રૂા.......................
...............................) પૂરા રોકડા મળેલ છે.

તારીખ પિતા / વાલીની સહી

## આપણે ઘણું બધું સારું સાત્વિક વાંચીએ અને સાંભળીએ છીએ પણ જીવનમાં ઉતરતા નથી...

❑ જયેશ શરદચંદ્ર વસા

વાણી વર્તન અને વ્યવહાર જેમનો સારો હોય અને જેમનામાં કોઈ જાતનું અભિમાન ન હોય એ માણસના બીજા સાથેના સંબંધો સારા રહે છે અને આસપાસના વર્તુળમાં આવકાર મળે છે. જીવનમાં આપણે ઘણું બધું સારૂં અને સાત્વિક વાંચીએ છીએ, સાંભળીએ છીએ પણ જીવનમાં ઉતરતું નથી. આપણે સમજીએ છીએ કે આપણે સારા અને સમજદાર છીએ એટલે આ બધાની આપણને જરૂરત નથી. સારી સારી વાતો સારા બોધદાયક સુવાક્યો અને સારા બૌધિક સંદેશાઓ વાંચીને તુરત ફોરવર્ડ કરી દઈએ છીએ એટલે આપણું કામ પત્યું. પણ આમાંથી આપણને શું શીખવા મળ્યું. આપણા જીવનમાં કેટલું ઉતર્યું એ વિચારવાનો કોને સમય છે?

આ દુનિયામાં સલાહ જ એક એવી ચીજ છે જે આપવી ગમે છે પણ લેવી ગમતી નથી. મફતમાં મળતી આ ચીજ છે એટલે સૌ છુટે હાથે લહાણી કરતા હોય છે. કેટલાક માણસો એવા હોય છે તેમની સલાહ આપણે ન માનીએ તો તેમને ખોટુ લાગી જાય છે. સમાજ કુટુંબ પરિવારમાં આવું બધું ચાલતું હોય છે. આપણે તેની સલાહ ન માનીએ અને કાંઈ ઊંધુચતું થાય તો તેનો ઠપકો પણ સાંભળવો પડે. ‘‘મારૂં કહ્યું માન્યું હોત તો આમ ન થાત’’ એવું તેમનું રટણ ચાલુ રહે છે.

આપણે જુદા જુદા માણસો સાથે એક આ બીજી રીતે સંકળાયેલા છીએ. કોઈનો સ્વભાવ આપણને ગમે છે કોઈનું વર્તન ગમતું નથી. જ્યારે જ્યારે આવી બધી સારી વાતો નજર સમક્ષ આવે છે ત્યારે તેમાં જે સારું હોય છે તે આપણું લાગે છે અને ખરાબ હોય છે તેમાં બીજાનો ચહેરો દેખાય છે.

આપણે આપણી જાતનું સતત નિરીક્ષણ કરતા રહેવું જોઈએ અને વિચારવું જોઈએ કે આ બધું સારૂં સારૂં વાંચીએ છીએ તેમાંથી આપણા જીવનમાં કેટલું ઉતર્યું. કેટલું આપણામાં પરિવર્તન આવ્યું છે તેનો કદી વિચાર કરીએ છીએ કે? પણ અંતરના અરીસામાં ડોકિયું કરવાની કોને ફુરસદ છે? બહાર જે દેખાય છે તે માણસનો અસલી ચહેરો હોતો નથી.

સરળ અને સહજ રીતે રહીએ, ખોટી દંભ અને અહંમ ન રાખીએ અને ભૂલ થઈ હોય તો તેનો સ્વીકાર કરીએ તો સંબંધો કદી બગડે નહીં. પરિવારમાં પણ આપણાથી પત્ની, દીકરા દીકરી કે પુત્રવધુ અંગે કાંઈ કડવું બોલાઈ ગયું હોય તો આ ભૂલનો સ્વીકાર કરીને અને ક્ષમા માંગીને મનને હળવું કરી નાખવું જોઈએ. નહિતર આ ભાર માથા પર રહી જશે અને તે સતત પીડા કરતો રહેશે.

પહેલાના સમયમાં વાંચન ઓછું હતું પણ સમજણ અને અનુભવ વધારે હતો. અત્યારે જ્ઞાનની ગંગા વહી રહી છે પણ તેમાં ડૂબકી મારીને બહાર કોરા આવીએ છીએ. કશું અંદર ઉતરતું નથી. સમજણ અને સદ્ વ્યવહાર આપણાં વ્યક્તિત્વનું પ્રતિબિંબ છે અને આપણી સાચી ઓળખ છે. આપણે જેવું વર્તન રાખવી શું એવો સામો પ્રતિભાવ મળશે. સારું કરીશું તો સારો પ્રાપ્ત થશે. આપણું વર્તન અને સ્વભાવ અને વહેવાર સારો હશે તો જીવનમાં કશી મુશ્કેલી નહીં પડે.

આપણા સારા વિચારો નહીં હોય તો આપણે તો દુઃખી થઈશું પણ સાથે પરિવારને પણ દુઃખી કરીશું. આપણાથી કોઈનું મન ન દુભાય, કશું ખરાબ ન થાય, કોઈની અવહેલના કે અપમાન ન થાય તેનો પૂરો ખ્યાલ અને કાળજી રાખવી જરૂરી છે.

પારિવારિક શાંતિ અને સંપ એ સાચા સુખનો આધાર છે. આપણાં વર્તનની બીજા પર માઠી અસર થતી હોય છે તેનો આપણને ખ્યાલ આવતો નથી. ઘરમાં ક્લેશ, વિખવાદ અને અણબનાવ હોય, એકબીજા સામે ગમે તેમ બોલાતું હોય તેની માઠી અસર બાળકો પર પણ પડે છે તમને બીજે ક્યાંય શાંતિ અને સુખ મળવાનું નથી.

પ્રણામ...!

સમાજના વડીલો, ભૂતપૂર્વ પ્રમુખ સાહેબો, ભૂતપૂર્વ તંત્રી સાહેબો તથા સમાજના દરેક ભાઈઓ અને બહેનો આપ સહુ આપણા સમાજના મુખપત્ર માટે લેખ અથવા તો આપના વિચાર પ્રગટ કરીને નીચેના મેઈલ આઈડીમાં મોકલશો અને જો છાપવા માટે યોગ્ય ફેરફાર કરવાની જરૂરત હશે તો મુખપત્રમાં છાપશું. મુખપત્ર બાબતે આપ આપનું મંતવ્ય પણ મોકલશો તેવી આપ સૌને નમ્ર વિનંતી છે.

**Email : svjainsamajmumbai2@gmail.com**

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્રમંડળ - મુંબઈ

શ્રી કાંતિલાલ ભગવાનદાસ શાહ કાર્યાલય, ૨૦/૨૪ જૂની હનુમાન ગલી,
પ્રાગજી વૃન્દાવન પ્રીમાઈસીસ કો.ઓ.સોસાયટી લી., રૂમ નં.૪૩, ૩જે માળે, મુંબઈ - ૪૦૦૦૦૨. ફોન : ૪૯૧૩૪૦૩૦



**શેઠ શ્રી મનસુખલાલ માણેકચંદ વોરા**



**શ્રીમતી કાન્તાબેન મનસુખલાલ વોરા**

**❖ રાહતદરે અનાજ વિતરણ યોજના ❖**

એપ્રીલ માસના અનાજ વિતરણમાં
ભાગ લેનાર ભાગ્યશાળીઓ

શેઠ શ્રી મનસુખલાલ
માણેકચંદ વોરા
**પરિવારના સૌજન્યથી**

---

**❖ મે માસના
અનાજ વિતરણમાં ભાગ લેનાર
ભાગ્યશાળીઓ ❖**

શેઠ શ્રી શાંતિલાલ કાલિદાસ શેઠ
**પરિવારના સૌજન્યથી**



**શેઠ શ્રી શાંતિલાલ કાલિદાસ શેઠ**



**શ્રીમતી જશવંતીબેન શાંતિલાલ શેઠ**

---



**શેઠ શ્રી ચંદુલાલ જગજીવનદાસ શાહ**



**શ્રીમતી દયાબેન ચંદુલાલ શાહ**

**❖ મે માસના
અનાજ વિતરણમાં ભાગ લેનાર
ભાગ્યશાળીઓ ❖**

શ્રી ચંદુલાલ જગજીવનદાસ શાહ
**પરિવારના સૌજન્યથી**

---

**❖ મસાલા વિતરણનાં
ભાગ્યશાળીઓ ❖**

શ્રી હરિલાલ ભુરાભાઈ ભીમાણી
**પરિવારના સૌજન્યથી**



**શ્રી હરિલાલ ભુરાભાઈ ભીમાણી**



**શ્રીમતી કુસુમબેન હરિલાલ ભીમાણી**

## ''સંવેદનાના સ્પંદનો''

### આત્મવિશ્વાસ - અમૂલ્ય મુડી

ધીરુભાઈ અંબાણીની ગણના વિશ્વના ટોચના ધનાઢ્ય વ્યક્તિઓમાં થતી હતી. નાના મોટા બિઝનેસમેનોને તેઓ ઉપર લાવવામાં મદદ પણ કરતા હતા. એ સમયની આ એક સત્ય ઘટના છે.

એક વેપારી ધંધામાં બધું જ ગુમાવી બેઠો હતો. તેના પર ઘણું દેવું થઈ ગયેલું. ઉઘરાણી કરનારા દિવસ રાત તેને પરેશાન કરતા હતા. એક સાંજે તે વેપારી એક જોગીંગ પાર્કની બેંચ પર બે હાથ વચ્ચે માથું પકડી નિરાશ વદને બેઠો હતો અને બધામાંથી કેવી રીતે બહાર આવી શકાય એ અંગે સતત વિચારતો હતો. એવા સમયે એની સામે એક વૃદ્ધ સજ્જન આવી ઉભા રહ્યા.

એ વૃદ્ધ બોલ્યા, 'મિત્ર...તમે ખુબ પરેશાન છો પણ હિંમત ન હારો. હું તમારી સાથે છું.'

એ વેપારીએ પોતાની મુશ્કેલીઓ એ વૃદ્ધને જણાવી. એ સાથે જ એ વૃદ્ધે તેના ખિસ્સામાંથી એક ચેકબુક કાઢી અને એ વેપારીનું નામ પૂછી એના નામે એક ચેક બનાવી એના હાથમાં આપતાં કહ્યું, ''આ પૈસા રાખો. મારે કોઈ બેન્ક ગેરન્ટી નથી જોઈતી. કોઈ લખાણ પણ નથી કરવું. એક વર્ષ પછી આ સમયે અને આ જગ્યાએ હું તમને ફરીથી મળીશ ત્યારે તમે મને મારા પૈસા પાછા આપી શકો છો.''

આટલું કહીને એ વૃદ્ધ સજ્જન ત્યાંથી ચાલ્યા ગયા. આ આખી ઘટનાને સરખી સમજ્યા પછી એ વેપારીએ બંને આંખો બરાબર ચોળી ખાત્રી કરી અને એણે પેલા ચેકને ધ્યાનથી જોયો. એક કરોડ રૂપિયાના એ ચેક પર દુનિયાની ધનાઢ્ય વ્યક્તિ ધીરુભાઈ અંબાણીના હસ્તાક્ષર હતા!?

આ ચેક જોતાવેત તેની આંખમાં અદભુત ચમક આવી. સૌથી પહેલા તો એ વેપારી પેલા ફરિશ્તાને શોધી આભાર માનવા દૂર સુધી ગયો પરંતુ પેલા વૃદ્ધ સજ્જન તેને ક્યાંય ન દેખાયા. એ વેપારી વિચારવા લાગ્યો કે હવે તેની તમામ આર્થિક સમસ્યાઓનો ઉકેલ હાથવેંતમાં છે. એણે નક્કી કર્યું કે આ ચેક એની મૂડી છે. એના જોરે એ માર્કેટમાં પોતાની શાખ બચાવી શકશે. બસ હવે તે ગમે તેવું સાહસ કરી શકશે. એ વેપારીમાં અદ્‌ભુત આત્મવિશ્વાસનો સંચાર થયો.

એણે નવા ઉમંગ, ઉત્સાહ સાથે નવા સાહસો કર્યા, સોદા કર્યા, સેલના નવા નુસ્ખા અજમાવી માર્કેટીંગ કર્યું. એણે નક્કી કર્યું. હતું કે તે ધીરુભાઈનો ચેક ક્યારેય વટાવશે નહીં. તે એક વાતે નચિંત થઈ ગયો હતો કે એની પાસે આબરૂ બચાવવા અને ગમે તેવી આર્થિક પછડાટો સામે ટકી રહેવા માટેનું એક સાધન હાથવગું હતું. આત્મવિશ્વાસથી છલોછલ એ વેપારીએ ધંધામાં નવા સોદા કરી એક વર્ષમાં કરોડો રૂપિયા કમાઈ લીધા. એટલે પેલા વૃધ્ધ સજ્જનને મળવા એ વેપારી નિર્ધારિત જગ્યાએ પહોંચી ગયો. પેલા વૃદ્ધ સજ્જન પણ નિયત સમયે અને સ્થળે તેને ત્યાં જ મળ્યાં. એ સજ્જનને ચેક પાછો આપતા વેપારી કૃતજ્ઞભાવે પોતાની સફળતાની વાર્તા વર્ણવવા લાગ્યો. એ આભાર માનતા કહ્યું કે, મેં આ ચેક વટાવ્યો નથી. બસ તમે મારી સાથે ઉભા છો એ સત્યને કારણે ગમે તેવા મુશ્કેલ સંજોગોમાં ટકી રહેવાની મારી તાકાત વધી ગઈ. અને હું ટકી ગયો.

એવામાં એક નર્સ દોડતી ત્યાં આવી. તેણે એ વૃદ્ધ સજ્જનને જોઈ હાશકારો અનુભવ્યો તે બબડી ''હાશ આખરે અહીંથી જ પકડાઈ ગયો.'' નર્સે વૃદ્ધને પકડી પેલા વેપારીને કહ્યું, ''આ ડોસાએ તમને બહુ હેરાન તો નથી કર્યા ને ? આ હંમેશા ''રીહેબિલીટેશન સેન્ટર'' પુનઃસ્થાપન કેન્દ્રમાંથી ભાગી જાય છે. અને લોકોને કહે છે તે ધીરુભાઈ અંબાણી છે. દેખાવમાં તે એવો લાગે પણ છે'' આટલું કહી પેલી નર્સ વૃદ્ધને પકડીને ત્યાંથી લઈ ગઈ.

એ વેપારી હતપ્રભ થઈ ગયો. પૂરા એક વર્ષ સુધી તે એ આશાએ મોટા સાહસો કરતો રહ્યો કે એની પાસે એક કરોડ રૂપિયા પડ્યા હતા. તેને અહેસાસ થયો કે એ કલ્પિત ધનના સહારે જ તેનો આત્મવિશ્વાસ વધ્યો. અને આ શક્તિને કારણે જ તેણે પોતાની ગુમાવેલી સંપત્તિ પાછી મેળવી છે.

આ સત્યકથા એક વાત સ્પષ્ટ કરે છે કે આત્મવિશ્વાસનું બળ તમારા આંતરિક સંદેહ તથા સંઘર્ષનો નાશ કરે છે અને તમને તમારા લક્ષ્ય તરફ અગ્રેસર થવા માટે અદ્‌ભૂત જોશ, ઉત્સાહ અને ઉમંગ આપે છે.

સફળ વ્યક્તિઓના અભ્યાસ પરથી એક સર્વસામાન્ય

સત્ય જાણવા મળ્યું છે કે, ''પ્રત્યેક સફળ વ્યક્તિને એ વિશ્વાસ હતો કે તેઓ એક મોટી સફળતા મેળવવા તરફ જઈ રહ્યા છે.'' જો તમે સફળ થવા ઈચ્છતા હશે તો તમારી પોતાની યોગ્યતાઓ ઉપર પૂરેપૂરો વિશ્વાસ રાખવાનું તમારે શીખવું પડશે.

થોમસ આલ્વા એડીશનની વાત તમે સાંભળી હશે. અડસઠ વર્ષની ઉંમરે તેમની ફેક્ટરી અકસ્માતે બળીને રાખ થઈ ગઈ. તેમને દિલસોજી પાઠવવા લોકોની લાઈન લાગી. એડીસને બધાંને જવાબ આપ્યો ''મારી બધી જ ભૂલો બળીને ભડકો થઈ ગઈ...આ તો આનંદની વાત છે હવે હું ભૂલો સુધારી આગળ વધીશ.''

આ ઘટનાના અઠવાડીયા પછી તેમણે ઈલેક્ટ્રીક બલ્બની શોધ કરી જેમાં તેઓ દસ હજાર વાર નિષ્ફળ ગયા હતા. યાદ રાખો દોસ્તો, ભવિષ્ય એ લોકોનું જ ઉજ્જવલ હોય છે જેઓ પોતાના સ્વપ્નાઓના સૌંદર્યમાં વિશ્વાસ રાખે છે.

આવાં તો અનેક સત્ય ઉદાહરણો છે જેમાં વ્યક્તિ પાસે કંઈજ ન હતું અને આત્મવિશ્વાસની શક્તિએ તેમનું મનોબળ ટકાવી રાખ્યું હતું.

આત્મવિશ્વાસનો એક નિયમ છે તમારો વિચાર તમે વારંવાર તમારા અર્ધજાગૃત મનમાં દોહરાવતા રહો. તમે સતત એવું આત્મકથન કરતા રહો કે, ''એ હું કરી શકું છું.'' તો તમારું અર્ધજાગૃત મને તમારા આત્મકથનને યથાર્થ કરવા કામે લાગી જશે.

આ જગતમાં સફળતાની યાત્રા વ્યક્તિના મનથી જ આરંભાય છે. કોઈપણ પુરસ્કાર જીતતાં પહેલાં તમારે ખુદને વિશ્વાસ આપવો પડશે કે તમે એને યોગ્ય છો.

યાદ રાખો જીવનનાં સંઘર્ષો બળવાન, બુદ્ધિવાન કે ધનવાન વ્યક્તિ જ નથી જીતતો. મોડા કે વહેલા એ જ વ્યક્તિ જીતે છે જે એ માનીને ચાલે છે કે તે જીતી શકે છે.

વાંચક મિત્રો તમારે જો સફળતાના શિખરે પહોંચવાનું હશે તો ગમે તેવા વિપરિત સંજોગો સામે ટકી રહેવાની તાકાત કેળવવી પડશે. આમ તમારા ભવિષ્યના સપનાને સાકાર કરવામાં ગમે તેવા વિપરીત સંજોગોમાં ટકી રહેવાની તમે વિકસાવેલ શક્તિ મહત્વનો ભાગ ભજવે છે.

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ - મુંબઈ

### સમાજને ભેટ

૨૧૦૦/- શ્રી નીતિનભાઈ લલિતકુમાર મહેતા હાલ નાગપુર તરફથી તેમના સુપુત્ર ચિ.અંકિત ના શુભલગ્ન ચિ.માનસી વેરે તા.૨૩-૦૨-૨૦૨૩ નાગપુર મુકામે થયા તે પ્રસંગે.

૫૦૦/- શ્રીમતી ભારતીબેન હિંમતલાલ દોશી તરફથી ભાઈ કાર્તિકના આત્મશ્રેયાર્થે

૧૦૦૧/- શ્રી લજપતરાય કપૂરચંદ વોરા પરિવાર તરફથી લજપતરાય કપૂરચંદ વોરાના આત્મશ્રયાર્થે

૧૧૧૧/- શ્રી વસંતલાલ છગનલાલ કોરડીયા તરફથી ચિ.ફોરમ કેતન કોરડીયાના વેવિશાળ પ્રસંગે.

### મુખપત્રને ભેટ

૫૦૦/- શ્રીમતી ભારતીબેન હિંમતલાલ ઉત્તમચંદ દોશી તરફથી ભાઈ કાર્તિકના આત્મશ્રેયાર્થે

૧૦૦૧/- શ્રી લજપતરાય કપૂરચંદ વોરા પરિવાર તરફથી લજપતરાય કપૂરચંદ વોરાના આત્મશ્રેયાર્થે

### શૈક્ષણિક સહાય

૨૦૦૦/- શ્રી વસંતલાલ છગનલાલ કોરડીયા તરફથી નર્મદાબેન છગનલાલ કોરડીયાના આત્મશ્રેયાર્થે.

૧૦૦૧/- શ્રી લજપતરાય કપૂરચંદ વોરા પરિવાર તરફથી લજપતરાય કપૂરચંદ વોરાના આત્મશ્રેયાર્થે.

### ડૉ.શાંતિલાલ રતિલાલ કોરડીયા મેડિકલ સહાય

૫૦૦૦/- શ્રી વસંતલાલ છગનલાલ કોરડીયા તરફથી નર્મદાબેન છગનલાલ કોરડીયાના આત્મશ્રેયાર્થે.

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ - મુંબઈ

### આર્થિક સહાય ખાતે

૧૧૦૦૦/- શ્રી સુમતીભાઈ મનસુખલાલ વોરા તરફથી ભેટ આવેલ છે.

૧૦૦૦/- શ્રી પરાગભાઈ પ્રવિણચંદ્ર દોશી તરફથી ચિ.નમ્રતાના લગ્નપ્રસંગે ભેટ આવેલ છે.

૫૦૦/- શ્રી યોગેશભાઈ ઝવેરીલાલ કોરડીયા તરફથી અ.સૌ.મીનાબેનના ઉપધાન તપ નિમિતે ભેટ.

૧૦૦૧/- શ્રી કપૂરચંદ માધવજી વોરા પરિવાર તરફથી સ્વ.લજપતરાય કપૂરચંદ વોરાના આત્મશ્રેયાર્થે ભેટ

### શ્રી અનાજ વિતરણ ખાતે

૩૬૦૦/- શ્રીમતી બિનીતાબેન તુષારભાઈ શાહ તરફથી ભેટ

### શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા તબીબી રાહત

૧૦૦૧/- શ્રી કપૂરચંદ માધવજી વોરા પરિવાર તરફથી સ્વ.લજપતરાય કપૂરચંદ વોરાના આત્મશ્રેયાર્થે

૧૦૦૦/- શ્રી નિલેશભાઈ પ્રભુદાસ વસા તરફથી ચિ. આશ્રયના લગ્ન પ્રસંગે.

## સંબંધોનું મૂલ્ય

કદમ અટકી ગયા જ્યારે અમે પહોંચ્યા બજારમાં,
વેચાઈ રહ્યા હતા સંબંધ, ખુલ્લે આમ વ્યાપારમાં.

ધ્રુજતા હોઠો એ અમે પૂછ્યું
''શું કીમત છે સંબંધની?''

દુકાનદારે કહ્યું : ક્યો લેશો ?
''બેટાનો'' આપું, કે ''પિતાનો ?''
''બહેનનો'' કે ''ભાઈનો ?'' ક્યો લેશો ?

''માણસાઈનો'' આપું કે ''પ્રેમનો'' આપું ?
''માં''નો આપું કે ''વિશ્વાસનો ?'' ક્યો આપું ?

બોલો તો ખરા, ચુપચાપ ઉભા છો,
કંઈક બોલો તો ખરા !

''મેં ડરીને'' પૂછ્યું : ''દોસ્તનો સંબંધ ?''
દુકાનદાર ''ભીની આંખોથી'' બોલ્યોઃ
''સંસાર'' આ ''સંબંધ'' પર જ તો ''ટકેલો'' છે,
''માફ કરજો !'' આ ''સંબંધ'' બિલકુલ નથી

આનું કોઈ ''મુલ્ય'' લગાવી નથી શક્યું
પણ
જે દિવસે આ વેચાઈ જશે
એ દિવસે આ સંસાર ઉજ્જડ થઈ જશે.

આ રચના મારા સૌ ''સ્નેહી-મિત્રોને અર્પણ'' છે
સારૂ છે, ''પાંપણનું કફન'' છે,
નહીંતર આ ''આંખમાં'' ઘણું બધું ''દફન'' છે !

## અવસાન નોંધ

**શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મરણ**

❖ વાળોદર નિવાસી, હાલ - નાલાસોપારા, સ્વ.મુક્તાબેન દેવસીભાઈ વોરાના પુત્ર સ્વ.સુરેશભાઈ દેવશીભાઈ વોરાના ધર્મપત્ની મીનાબેન સુરેશભાઈ વોરા (ઉ.વ.૬૪) તે પીનાકીનના માતુશ્રી, કાજલના સાસુ, મજેવડી નિવાસી હાલ ઘાટકોપર, સ્વ.દલીચંદ તારાચંદ મહેતાના દિકરી, આજરોજ ગુરૂવાર તા.૧૩-૪-૨૦૨૩ના અરિહંતશરણ પામેલ છે.

❖ વંથલી સોરઠ હાલ રાજકોટ, સ્વ.દુર્લભજી મુલચંદ વોરાના સુપુત્ર શશીકાંત દુર્લભજી વોરા તે રીટાબેનના પતિ તે બિપીનભાઈ, દિનેશભાઈ, અભયભાઈ, મીનાબેનના મોટાભાઈ તથા વિરલ અને જલ્પાના પિતાશ્રી આજ રોજ તા.૧૨-૪-૨૦૨૩, બુધવારના રોજ અરિહંત શરણ પામેલ છે.

## શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ મુંબઈની ભેટની રકમ નીચે લખેલ બેંકના ખાતામાં જમા કરશોજી

**Name : Shri Sorath Visa Shrimali Jain Samaj**

Banker : Bank of Baroda,
M.J. Market, Mumbai - 400003.

S.B. A/c No.: 03870100000044

IFSC : BARB0BULLIND (આ કોડમાં પાંચમું કેરેક્ટર ઝીરો છે)

MICR : 40012047

(શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ ટ્રસ્ટની રકમ નીચે લખેલ બેંકના ખાતામાં જમા કરશોજી.

Name : Sorath Visha Shrimali Jain Samaj Trust

Banker : Union Bank of India, Princess Street,
Mumbai - 400002.

S. B. A/c. No. : 319102010054364\

IFSC : UBIN0531910

## શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળની ભેટ નીચે લખેલ બેંકના ખાતામાં જમા કરશોજી

**Name : Shri Sorath Visa Shrimali Subhechhak Mitra Mandal**

Banker : Bank of India,
80 G AACTS 1446 GF 20214 Dt.28-5-21
Bullion Exchange Branch, Mumbai

A/c No.: 000810100006108

(આપની મોકલેલી રકમની દરેક વિગત, મોકલનારનું નામ, સરનામું, મોબાઈલ નંબર શ્રી વિનોદભાઈ મહેતાને મોબાઈલ ૯૮૩૩૫૦૦૫૦૮ના વોટ્સએપ ઉપર મોકલી આપવા વિનંતી)

## સફળ જીવનની ચાવી

- ફાલ્ગુની સંજય મહેતા - સોરઠ (વંથલી)

❖ *Present* પળને સમજો ને માણો.
❖ પ્રત્યેક પલને *Opportunity* માનો.
❖ જે કામમાં ખુશી મળે એ જ કામ કરો.
❖ *Positive* વિચારને જ *importance* આપો.
❖ *Love your self*
❖ તટસ્થતાથી વિચારો ને આગળ વધો.
❖ તન, મનથી સ્વસ્થ જ છો એમ સંકલ્પ કરો.

## Form-iv

(See Rule-8)

1). **PLACE OF PUBLICATION: SORATH VISASHRIMALI.**
Tarachand Dhanji Mehta Karyalay, Devkaran Mansion Block No-7, 2nd Floor, Vithaldas Road, Mumbai - 400 002. Maharashtra

2). **Periodicity of its Publication :** Monthly

3). **Printers Name :** Shri Jayesh Saradchandra Vasa
**Nationalaity :** Indian
**Address :** Tarachand Dhanji Mehta Karyalay, Devkaran Mansion Block No-7, 2nd Floor, Vithaldas Road, Mumbai - 400 002. Maharashtra

4). **Publishers Name :** Shri Jayesh Saradchandra Vasa
**Nationalaity :** Indian
**Address :** Tarachand Dhanji Mehta Karyalay, Devkaran Mansion Block No-7, 2nd Floor, Vithaldas Road, Mumbai - 400 002. Maharashtra

5). **Editors Name :** Shri Rajendra Ottamchand Punatar
**Nationalaity :** Indian
**Address :** Tarachand Dhanji Mehta Karyalay, Devkaran Mansion Block No-7, 2nd Floor, Vithaldas Road, Mumbai - 400 002. Maharashtra

6. Names and Addresses of individuals who own the news paper and partners or share holders holding more than one percent of the total capital.
**"SHRI SORATH VISASHRIMALI JAIN SAMAJ"**
Tarachand Dhanji Mehta Karyalay, Devkaran Mansion Block No-7, 2nd Floor, Vithaldas Road, Mumbai - 400 002. Maharashtra

I, Jayesh Saradchandra Vasa hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

Date: 20-04-2023

**Signature of the Publisher**
Jayesh Saradchandra Vasa

## મુખપત્ર બાબતે અગત્યની સૂચના

સમાજના વડીલો, ભાઈઓ તથા બહેનો,

સમાજનાં જે લોકોએ મુખપત્રનું આજીવન સભ્યપદ હજું સુધી મેળવ્યું ન હોય તેઓને નમ્ર વિનંતી છે કે તેઓ રૂ.૧૫૦૦/- ભરી આજીવન સભ્ય બની જાઓ.

વ્યવસ્થામાં એકભાગ રૂપે વાર્ષિક સભ્યપદ બનાવવાનું બંધ કરવામાં આવેલ છે જેની નોંધ લેવા નમ્ર વિનંતી.

જેઓ આજીવન સભ્ય હતા પરંતુ હાલ હૈયાત નથી તેનું આજીવન સભ્ય પદ આપોઆપ રદ્દ થઈ જાય છે. તેમના કુટુંબીજનોએ નવું આજીવન સભ્ય પદ મેળવી લેવું જેથી તેમને નિયમિત રીતે મુખપત્ર મળતું રહે.

સમાજનાં રેકોર્ડ પ્રમાણે હાલ ૧૧૨૦ આજીવન સભ્ય છે.

અત્યારે મુખપત્ર કાલબાદેવી પોસ્ટ ઓફિસમાંથી દર મહિનાના છેલ્લા અઠવાડિયામાં પોસ્ટ કરવામાં આવે છે. અને તેની જાણ સોશ્યલ મીડિયા કે ગ્રુપમાં કરવામાં આવે છે. અને સોફ્ટ કોપી પણ અપલોડ કરવામાં આવે છે.

અમે અમારા બનતા પ્રયત્નો કરીને આપને નિયમિતરૂપે મુખપત્ર મળે તે માટે મહેનત કરી રહ્યા છીએ. કોઈપણ કારણસર કદાચ આપને મુખપત્ર ન મળે તો તે બદલ ક્ષમા ચાહિયે છીએ.

## માનવ માણસાઈ

- ફાલ્ગુની સંજય મહેતા - સોરઠ (વંથલી)

હાલના સમયમાં દ્રઢ મન, વિશાળ હૃદય ને સાચી લગનને કામ કરવાની તત્પરતા જેવા ગુણોવાળા માણસો જ આગળ વધે છે. જેને સત્તાનો લોભ નથી. સત્તથી પ્રાપ્ત થતા પૈસા ખરીદી શકતા નથી. જે સ્વતંત્ર અભિપ્રાય ધરાવતા હોય જે સ્વમાનથી જીવન જીવતા હોય. જે કોઈની પણ સામે જરા પણ ડર્યા વગર પોતાના વિચાર દર્શાવી શકે છે. દંગા ભર્યા ખુશામત પ્રત્યે તિરસ્કાર જતાવે છે એવા જ માણસ હાલ *Progress* કરે છે.

જે પોતાની પ્રમાણિકતા ટકાવી રાખવા ટીકાકારથી પણ ડરતા નથી. કોઈ પણ માણસનું બુરુ કરતા નથી. જે પોતાની ઈચ્છા અને સિદ્ધિની વચ્ચે પ્રમાણિકતા રૂપી કાયદા સિવાય બીજા કોઈને આવવા દેતા જ નથી તેવા માણસ આગળ વધી શકે છે. પ્રગતિના સોપાન સર કરી શકે છે.

# એપ્રિલ માસના મુખપત્રના
# ''સૌજન્ય દાતા''




શ્રીમતી નિર્મળાબેન કાંતિલાલ વોરા

નિર્મળાબેનનું વ્યક્તિત્વ એક અલૌકિક ઓજસના પડછાયા રૂપ હતું. શાંત સ્વભાવ, કુટુંબ પરિવાર પ્રત્યે અસીમ સ્નેહની નિર્મળ ગંગા વહેવડાનાર સાચા અર્થમાં ગૃહિણી હતા. મનમાં હરહંમેશ એક જ વાત, કેવી રીતે અન્યને સહાય રૂપ બનવું. તેઓ અન્યને સહાયરૂપ થવાની કોઈ પણ તક જતી ન કરતા અને કોઈ કારણસર જો ચુકી જવાય તો તે વાતનો સદાય તેમને અફસોસ રહેતો. સાધુસાધ્વીની વૈયાવચ્ચ, તેમજ જીવદયા તેમના જીવનનું એક અનોખું પાસું હતું. આવા શાંત અને મૃદુ સ્વભાવના નિર્મળાબેનને સાધર્મિક પ્રત્યે પણ સુંદર ભાવના અને લાગણી હતી.



ઘરમાં કોઈ પણ સારી વસ્તુ આવે ત્યારે તુરત જ તેમની સમક્ષ સાધર્મિક કુટુંબોનો વિચાર આવતો કે તેઓ માટે આ વસ્તુનો વપરાશ શક્ય હશે કે નહીં અને તેઓ તે વસ્તુ શક્ય તેટલાં કુટુંબોને મોકલાવીને જ સંતોષ માનતા. આવા જ સદ્‌ગુણ, લાગણી અને ઉચ્ચ સંસ્કારો તેમના પુત્રો, પુત્રી, વહુઓ અને બાળકોમા જોવા મળે છે. નિર્મળાબેન એક સુંદર સંસ્કારશીલ, ઉદારદિલ અને સૌજન્યશીલ સન્નારી હતા.




Printed & Published by Jayesh S. Vasa on Behalf of Shri Sorath Visashrimali Jain Samaj, Printed at Lucky Printers, First Floor, 40, Mehta Industrial Estate, Liberty Garden, Malad (West), Mumbai - 400 064 & Published from Shri Sorath Visashrimali Jain Samaj, Tarachand Dhanjibhai Mehta Karyalaya, Devkaran Mansion, Block No.7, 2nd Floor, Vithaldas Road, Mumbai - 400 002. Editor : RAJENDRA O. PUNATAR